Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૦
તા.૨૯-૧૧-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૪ સૂર્યાસ્ત : ૦૫:૫૨

તાપમાન: ડીસા ૧૪.૨ | અમદાવાદ ૧૨.૦ | ગાંધીનગર ૧૧.૭ | વડોદરા ૧૩.૪ | સુરત ૧૭.૮ | નલિયા ૧૦.૬

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# આધાર વિશ્વનો સૌથી મોટો ડેટાબેઝ : મોદી

## વિચાર વૈભવ...

### નીલકમલ

**શીખોના ગુરુ ગોવિંદસિંહ..**

એક ગામમાં તેઓ ધાર્મિક પ્રવચન ફરમાવી રહ્યા હતા.

પ્રવચનમાં મહેનતનો રોટલો ખાનારા મજૂરો પણ હતા.શેઠિયાઓ પણ હતા.યુવાનો હતા, વૃદ્ધો હતા અને બાળકો પણ હતા. ત્યાં ગુરૂ ગોવિંદસિંહને પ્રવચન આપતાં- આપતાં તરસ લાગી.

એટલે એમણે સામે બેઠેલા એક યુવાનને પાણી લાવવા સુચના કરી. ગુરૂની ભક્તિ કરવાનો લ્હાવો મળ્યો, એમ માની યુવાન તો તરત જ પળનો ય વિલંબ કર્યા વિના ચાંદીના ગ્લાસમાં ઠંડું પાણી લઈ આવ્યો.

ગુરુ ગોવિંદસિંહે તેના હાથમાંથી પાણીનો ગ્લાસ લીધો અને તે વેળા તે યુવાનના કોમળ હાથનો સ્પર્શ પણ થયો.

એટલે તેમણે યુવાનને કહ્યું: 'બેટા! તારો હાથ તો ખુબ જ કોમળ છે.'

'હા, ગુરૂજી, મારે કોઈ કામ કરવું પડતું નથી. ઘરમાં નોકર- ચાકરો બેશૂમાર છે.' યુવાને કારણ આપતાં કહ્યું.

'પણ , તું દુકાને તો જતો હોઈશ ને.'

'ના, હું દુકાનમાં પણ નથી જતો અને જઉં તો ગાદી પર બેસી રહું છું.'

'તો તું તારો આખો દિવસ કેવી રીતે પસાર કરે છે?'

'હું સવારે મોડેથી ઊઠું, નાસ્તો કરૂં, બપોરે રમું- ફરૂં, દુકાને આદેશ આપું, ક્યારેક તમારા જેવા સંતોનાં પ્રવચન પણ સાંભળી લઉં અને મોજ- મજા કરૂં.' યુવાને મસ્તીથી પોતાની વાત રજુ કરી.

અંતે ગ્લાસ પાછો તેના હાથમાં આપતાં કહ્યું: 'બેટા! હું તારા હાથનું પાણી નહીં પી શકું.'

'કારણ ગુરૂજી?' પોતાના હાથનું પાણી ન પીતાં ગુરૂજીને જાણી યુવાનનો ઉત્સાહ ઓસરી ગયો.

ગુરૂજીએ રહસ્યનો પડદો ઊંચકતાં કહ્યું: 'વત્સ! તારા હાથ આમ તો ચોખ્ખા છે, સાફ છે, કોમળ છે. પણ જે હાથે કોઈની સેવા ન કરી હોય, કોઈ દીન- દુઃખીને સહાયતા ન કરી હોય, ઘરનું કોઈ કાર્ય ન કર્યું હોય, તે હાથનું હું પવિત્ર નથી માનતો. મારે તો પવિત્ર હાથે મળેલું પાણી જોઈએ.'

પવિત્ર હાથ તો એ જ છે. જે હાથ મહેનતથી કસાયેલા હોય, સેવાથી રંગાયેલા હોય.

શ્રમ વિનાનો તો દેહ પણ નકામો.

વળી, સંતોના પ્રવચનો સાંભળીને પણ તેને સ્વાવલંબિતા, સેવા અને શ્રમયજ્ઞનો મહિમા ન સમજાયો તો પ્રવચન સાંભળ્યાનો અર્થ પણ શો? પ્રવચનના વચનોનું આચમન કરીને, આચરણમાં બદલાવ આવવો જ જોઈએ.'

શ્રમયજ્ઞનો મહિમા શ્રવણ કરી યુવાન તે દિવસથી પરિશ્રમી બની ગયો.

-પં.રાજહંસવિજયજી ગણિ

## ઈવાન્કા સાથે મોદીની વિસ્તારપૂર્વક વાતચીત : હુ ભારતને વધુ સારી રીતે જાણવા ફરી જલ્દી ભારત આવીશ : ઈવાન્કા

હૈદરાબાદ

હૈદરાબાદમાં આયોજિત આટ્રાંપ્રન્યોરશીપ સમિટ (જીઈએસ)માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ સમિટના લીધે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બન્યા છે. તેમણે દાવો કરતા કહ્યું હતું કે, આધાર વિશ્વના સૌથી મોટા ડેટાબેઝ તરીકે છે. ઈવાન્કાની સાથે મોદીએ વિસ્તારપૂર્વક વાતચીત પણ કરી હતી. મોદીએ ઉમેર્યું હતું કે, આધાર તરીકે સૌથી મોટા ડેટાબેઝની રચના કરવામાં આવી છે. તેમને આ જોઈને ગર્વ થઈ રહ્યું છે કે, પહેલી વખત આવા કોઈ કાર્યક્રમમાં ૧૫૦૦ મહિલા ઉદ્યોગ સાહસિકો ભાગ લઈ રહી છે. મોદીએ ઉમેર્યું હતું કે, આજે સમગ્ર દુનિયાની નજર હૈદરાબાદ ઉપર છે. દુનિયાભરમાંથી લોકો પહોંચ્યા છે. અમારી સરકાર કારોબારી માહોલને સુધારવા માટે શ્રેણીબદ્ધ પગલા લઈ રહી છે. મેક ઈન ઈન્ડિયા ઈન્વેસ્ટ ઈન ઈન્ડિયામાં જોડાવવા મોદીએ અપીલ કરી હતી. ભારત સહિત દુનિયાભર માટે પગલા લેવા માટે સૂચન કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, વડાપ્રધાન મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં ભારત અને અમેરિકા નવી ઉંચાઈઓને સ્પર્શ કરશે. વૈશ્વિક શાંતિ માટે યોગદાન આપશે. મોદી સાથે ઈવાન્કાએ કાર્યક્રમના ભાગરુપે વાતચીત પણ કરી હતી.

### નરેન્દ્ર મોદીની ચા વાળાથી પીએમ સુધીની સફર અભૂતપૂર્વ : ઇવાન્કા

હૈદરાબાદ

**અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ઈવાન્કા ટ્રમ્પે હૈદરાબાદમાં ગ્લોબલ આંટ્રપ્રન્યોરશિપ સમિત (જીઈએસ)ને સંબોધન કર્યું હતું. આ અગાઉ સમિટમાં ભાગ લેવા માટે પહોંચેલી ઈવાન્કાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ દ્વારા ભવ્યરીતે સ્વાગત કરવામાં આવ્યું હતુ કે, મોદી અને ઈવાન્કાએ જીઈએસ ૨૦૧૭નું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઈવાન્કાએ ભારતના લોકોને સ્વતંત્રતાના ૭૦ વર્ષ પુર્ણ થવાના પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી. આ ગાળા દરમિયાન ઈવાન્કાએ પોતાના સંબોધનમાં મોદીની પ્રશંસા કરતા કહ્યું હતું કે, અમારી સાથે આ આયોજનમાં સામેલ થવા માટે અમે આપનો આભાર માનીએ છીએ. દુનિયામાં ભારતની લોકશાહીના પ્રતિક અને આશાના કિરણ તરીકે મોદી ઉભરી રહ્યા છે. આના માટે પણ અમે આભાર માનીએ છીએ. બાળપણમાં ચા વેચીને લઈને દેશના વડાપ્રધાન બનવા સુધીની તેમની સફર અભૂતપૂર્વ રહી છે. મોદીથી ઈવાન્કા ખુબ જ પ્રભાવિત દેખાયા હતા. ઈવાન્કાએ આ ગાળા દરમિયાન એમ પણ કહ્યું હતું કે, તેમના પિતાએ ચૂંટણી બાદ એવો અનુભવ કર્યો હતો કે, તેમને પોતાના બિઝનેસને છોડીને દેશની સેવા કરવાની તક મળી છે.**

## મોરબી, પ્રાચી, પાલિતાણા અને નવસારીમાં મોદીની જંગી સભા

# મોદી આજે ફરી ઝંઝાવતી પ્રચાર કરશે

નવીદિલ્હી-અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને સોમવારના દિવસે ઝંઝાવતી પ્રચાર કર્યા બાદ હવે આવતીકાલે ફરી એકવાર પ્રચંડ ચૂંટણી પ્રચાર કરનાર છે. મોદીએ ૨૭મી નવેમ્બરના દિવસે ભુજ, જસદણ, અમરેલીના ધારી અને સુરત ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર કર્યા બાદ આવતીકાલે મોરબી, સોમનાથના પ્રાચી, ભાવ નગરના પાલિતાણા અને નવસારીમાં પ્રચાર કરવા માટે પહોંચનાર છે. મોદીના તમામ કાર્યક્રમને લઈને તમામ સંબંધિત જગ્યાએ પણ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા પણ ગોઠવી



દેવામાં આવી છે. ભાજપના કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભાજપના પ્રદેશ મિડિયા સેલની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, મોદી આવતીકાલે ગુજરાતના ચૂંટણી પ્રચાર્થે ફરી એકવાર પહોંચાનર છે. એક દિવસના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન મોદી આવતીકાલે સવારે નવ વાગે મોરબીમાં પહોંચશે. અને સભા કરશે. ત્યારબાદ આશરે ૧૧ વાગે સોમનાથના પ્રાચી ખાતે પહોંચશે. બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ ભાવ નગરના પાલિતાણામાં પહોંચશે. આવી જ રીતે બપોરે ૩.૩૦ વાગ્યાની આસપાસ તેમની નવસારીમાં સભા થનાર છે. ગુજરાતમાં મોદી ચૂંટણી પ્રચારનુ રણશિંગુ ફુંકી ચુક્યા છે. પ્રથમ તબક્કાની ૮૯ સીટ માટે પ્રચારનો પવનવેગી પ્રારંભ પણ કરી ચુક્યા છે. મોદીના આક્રમક ચૂંટણી પ્રચાર ઉપર હવે તમામ રાજકીય પક્ષોની પણ નજર રહેશે. મોદી જે સ્થળોએ જાહેરસભા સંબોધવાના છે તે સ્થળે આસપાસના અન્ય વિધાનસભા ક્ષેત્રોને પણ આવરી લેવાશે.

## રાહુલ ગાંધી પાંચ જિલ્લામાં આજથી ચૂંટણી પ્રચાર કરશે

અમદાવાદ

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પણ આવતીકાલથી ૨૯મી અને ૩૦મી નવેમ્બરે બે દિવસના ગુજરાત પ્રવાસમાં છે જે દરમિયાન પાંચ જિલ્લામાં ઝંઝાવતી પ્રચાર કરશે. રોડ શો અને રેલીઓ યોજાશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકો ગુજરાતના જિલ્લા-તાલુકાઓ ઘમરોળી રહ્યા છે. ભાજપના સૌથી મોટા હોટસ્ટાર એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રચારાર્થે આવતીકાલે આવી રહ્યા છે તો કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ આવતીકાલથી તા.૨૯ અને ૩૦ નવેમ્બર દરમ્યાન બે દિવસની ગુજરાતની ફરી મુલાકાતે આવી રહ્યા છે. આ વખતે રાહુલ ગાંધી ખાસ કરીને સૌરાષ્ટ્રના વિસ્તારોને ઘમરોળશે, જયાં રાહુલ ગાંધી સોમનાથ મહાદેવના ખાસ દર્શન કરશે અને જોરદાર પ્રચાર કરી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. આ વખતે પણ રાહુલ ગાંધી નોટબંધી, જીએસટી સહિતના મુદ્દાઓને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરે તેવી શકયતા છે.

## ડીસામાં બટાકા જાહેરમાં ફેંકવા બદલ કાનૂની કાર્યવાહી થશે

### કોલ્ડ સ્ટોરેજ સંચાલકોને એસ.ડી.એમ.ની ચેતવણી

ડીસા

દેશભરમાં બટાકા નગરી તરીકે પ્રખ્યાત થયેલા ડીસામાં બટાકાના સંગ્રહમાં છેલ્લા ત્રણ વર્ષથી ભયંકર મંદીના કારણે બટાકા રોડ પર ફેંકવાનો વારો આવેલો છે ત્યારે હાલમાં અનેક જગ્યાએ કોલ્ડ સ્ટોરેજ સંચાલકો દ્વારા બટાકા જાહેરમાં ફેંકવામાં આવતા હોવાની ફરિયાદને લઈ ડીસાના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા વેપારીઓને પ્રાંત કચેરીએ બોલાવી બટાકા જાહેરમાં ન નાંખવાની અપીલ કરાઈ હતી અને અન્યથા ચેતવણી સાથે કાનૂની કાર્યવાહી કરાશે તેમ પણ જણાવાયું હતું.

ડીસા તાલુકો બટાટાના ઉત્પાદનને લઈ સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે આવે છે અને ડીસામાં વર્ષે દહાડે બટાટાનું મબલખ ઉત્પાદન થાય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી બટાટાનું મબલખ ઉત્પાદન થતું હોવા છતાં બટાટાના પોષણક્ષમ ભાવો મળતા નથી.

અનુસંધાન પાના નં.૬

**૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?**
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
**+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +**
**ડૉ. સંજય ગાંધી** આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુકાણું ઓછા હોય
**આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)**
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

**શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?**
- માથાનો દુ:ખાવો
- ખેંચ-વાઇ
- લકવો-પક્ષાઘાત
- મગજનો ટીબી
- ચક્કર
- યાદશકતી ઓછી થવી
- હાથપગની ધ્રુજારી
- નસોની નબળાઇ
- હાથપગમાં ઝણઝણાટી
- સાયેટીકા
- ગરદન અને કમરના મણકાની તકલીફો

**ડૉ.વિશાલ જોગી** (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
**દર શુક્રવારે મળશે.**
**રાજસ્થાન હોસ્પિટલ**
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

### ડીસામાંથી બે ડમી ફોર્મ સહિત કુલ પાંચ ફોર્મ રદ

ડીસા

ડીસા વિધાનસભા બેઠક માટે મંગળવારે ઉમેદવારી ફોર્મ ચકાસણીના દિવસે ભાજપ અને કોંગ્રેસના ડમી સહિત કુલ પાંચ ફોર્મ રદ થયા હતા. જેમાં ઠાકોર સમાજના અગ્રણી શંભુજી ઠાકોર નું ફોર્મ રદ થતાં નિરાશા સાંપડી હતી. ડીસા બેઠક માટે કુલ ૧૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ દેસાઈ અને ભાજપના ઉમેદવાર શશીકાંત પંડ્યાએ ડમી ઉમેદવારોના ફોર્મ ભર્યા હતા. મંગળવારે ફોર્મ ચકાસણી દરમ્યાન ચૂંટણી અધિકારીએ

અનુસંધાન પાના નં.૬

## રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીના સમર્થનમાં ડેડાવા ગામે બ્રહ્મ સમાજનું સંમેલન યોજાયું

### શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે શંકરભાઈને બ્રહ્મર્ષીઓના આશિર્વાદ

તા.પ્રતિનિધિ વાવ

વાવ વિધાનસભામાં રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ પ્રચંડ જનમેદનીના સમર્થન સાથે ઉમેદવારીપત્ર રજુ કરીને સમગ્ર મત વિસ્તારનો પ્રેમ સંપાદન કરી લીધો છે ત્યારે વાવ - સુઈગામ અને ભાભર તાલુકાઓના વિવિધ સમાજો એકી અવાજે શંકરભાઈને સમર્થન આપી રહ્યા છે.

વાવ તાલુકાના ડેડાવા ગામે બ્રહ્મ સમાજનું વિશાળ સંમેલન યોજાયું હતું જેમાં સમગ્ર મતવિસ્તારના બ્રહ્મ સમાજના



વિષ્ણુ પરમાર

આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે શંકરભાઈને ''વિજયી ભવઃ'' ના આશિર્વાદ આપ્યા હતા.

વાવ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાન હેઠળ ડેંડાવા ગામે બ્રહ્મસમાજની અગત્યની બેઠક મળી હતી. જેમાં ઉપસ્થિત અગ્રણી મિત્રોએ જણાવ્યું હતું કે ડિસે. ૨૦૧૭માં યોજાનારી વાવ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીને

અનુસંધાન પાના નં.૬

## થરાદના ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલનો જનસંપર્ક



પ્રતિનિધિ થરાદ

થરાદ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરબત ભાઈ પટેલના જનસંપર્ક કાર્યક્રમમાં તેમને ગામેગામ લોકસમર્થન સાંપડી રહ્યું છે.

થરાદ વિધાનસભા બેઠક ઉપર ભાજપ દ્વારા વર્તમાન ધારાસભ્ય પરબતભાઈ પટેલની લોકપ્રિયતા જોઈ તેમને ફરી રીપીટ કર્યા છે. આથી તેઓ તેમના સમર્થકો અને ટેકેદારો સાથે થરાદ મત વિસ્તારના ગામેગામ જઈ જનસંપર્ક કરી રહ્યા છે. ગઈકાલે તેઓ ધેસડા અને કરણપુરા ગામે જનસંપર્ક કાર્યક્રમ યોજ્યો હતો. જે પ્રસંગે રણછોડપુરી ગોસ્વામી, ભેમાભાઈ ભાજક, રગાભાઈ નાઈ, કુંવરાભાઈ દેસાઈ અને પથુભાઈ ભીલ દ્વારા પરબતભાઈ પટેલને પાઘડી અને ફુલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. દરેક ગામમાંથી તેમને સમર્થન જાહેર કરાયું હતું.



# કાંકરેજ વિધાનસભા ચૂંટણી અંતર્ગત બેઠક યોજાઈ



કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

કાંકરેજ વિધાનસભા-૧૫ ની અગત્યની બેઠક ડીસા ખાતે ડીસન્ટ હોટલમાં રાજસ્થાનના પૂર્વ પ્રદેશ ભાજપ અધ્યક્ષ, રાષ્ટ્રીય ઉપપ્રમુખ ઓમજી માથુર તેમજ પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી.પટેલ, કેન્દ્રીય રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરી, અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવીની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. જેમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જેમાં બુથ લેવલ કાર્યક્રમો, પ્રચારની રણનીતિ વિશે વિશેષ માર્ગદર્શન અપાયું હતું. આ બેઠકમાં કાંકરેજ તા.ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, મહામંત્રી કિશોર પ્રજાપતિ, ઈસુભા વાઘેલા, ડૉ.ભારતીબેન સોની, તેજાજી ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પાનેસડા ગામના ત્રણ રસ્તા ઉપર વિદેશી દારૂ ભરેલ ટાટા ઈન્ડીગો ગાડી ઝડપાઈ



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરે આગામી વિધાનસભાની ચુટણી શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે યોજાય તે સંબંધે જિલ્લામાં દેશી/વિદેશી દારૂની પ્રવૃતિ નેસ્તનાબુદ થાય તે અંગેની સૂચન મુજબ તથા એ.એચ.ચૌધરી ના.પો.અધિ. થરાદનાઓના માર્ગદશન મુજબ અમો એ.એમ.પટેલ પો.સ.ઇ માવસરી પો.સ્ટે તથા અ.હેડ. કોન્સ ભૂરાભાઇ તથા અ.પો. કોન્સ દજાભાઇ તથા અ.પો. કોન્સ હીરાભાઇ નાઓએ હકિકત આધારે પાનેસડા ગામના ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી ટાટા ઈન્ડીગો ગાડી નં માંથી વિદેશી દારૂ કુલ બોટલ નંગ-૨૬૦ કિ.રૂ ૨૬૦૦૦/-તથા જીજે-૬-બીએલ-૯૫૮૭ ટાટા ઈન્ડીગો ગાડી ની કિ.રૂ.૫૦,૦૦૦/- એમ કુલ કિ.રૂ ૭૬,૦૦૦/- નોહ્વ મુદામાલ રાખી ગાડીનો ચાલક નાકાબંધી જોઇ નાસી જઇ ગુનો કરેલ હોઇ જેઓના સામે પ્રોહીબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# મુડેઠા ગામેથી બેફામ દોડતા ડમ્પરોને લઈ અકસ્માતનો ભય





સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામેથી રેતી ભરીને બેફામ અવરજવર કરતા ડમ્પરોના કારણે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જો તંત્ર દ્વારા આ ડમ્પર ચાલકો વિરૂધ્ધ કોઈ પગલા નહી લેવાય તો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

મુડેઠા હાઈવે સર્વિસ રોડ પાસે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા આવેલી છે. જેથી મોટી સંખ્યામાં બાળકો ચાલતા કે સાયકલ લઈને શાળાએ જતા હોય છે. તો બીજી તરફ સવાર સાંજ લોકો ડેરીઓમાં દુધ ભરાવવા જતા હોય છે. પરંતુ દિવસ રાત રેતી ભરીને દોડતા ડમ્પર ચાલકો શાળા પાસેથી પસાર થતી વખતે ગતિ મર્યાદિત રાખતા ન હોઈ બેફામ અવરજવર કરતા હોઈ શાળાના બાળકોને સતત અકસ્માતનો ભય રહે છે. તેમજ ડેરીએ દુધ ભરાવવા આવતા લોકો પણ અકસ્માતનો ભોગ બને છે. આ બાબતે ગ્રામજનો દ્વારા અવારનવાર તંત્રમાં લેખિત અને મૌખિક રજુઆતો કરવા છતાં ડમ્પર ચાલકો સામે કોઈ પગલા ભરાતા નથી. જેથી તેઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આ મુદ્દે ઉગ્ર આંદોલન અને ચક્કાજામ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# દૈયપ ડીસ્ટીબ્યુટરી કેનાલમાં ગાબડું પડતાં ખેડુતોને નુકશાન



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકના શેરાઉ ગામની સીમમાંથી વાવ તાલુકાના છેવાડાના દૈયપ્ ગામ સુધી પહોંચતી ડિસ્ટ્રીબ્યુટરી કેનાલ પસાર થાય છે.થરાદ પંથકમાં કનાલો તુટવાનો સિલસિલો ચાલુ રહેતાં જેમાં મંગળવારે પંદરફુટનું ગાબડું પડતાં તેમાંથી પાણી આજુ બાજુના પાંચ ખેડુતોના ખેતરોમાં ફરી વળ્યાં હતાં. આથી ખેડુતના ખેતરોમાં પાણી રેલાતાં ખેડૂતોને રવિ પાકમાં નુકસાન થયું હતું.ખેડુતોને જીરું અને એરંડાના પાકને નુકશાન થયું હોવાનું ખેડુતોએ જણાવ્યું હતું. જોકે ખેડુતોએ ગેટ ઓપરેટરની બેદરકારીના લીધે નુકસાન થયું હોવાનો આક્રોશ પણ વ્યક્ત કર્યો હતો.

# થરાદના શિવનગરમાં મહિલાએ આત્મહત્યા કરતાં અરેરાટી



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

શહેરના શિવનગરના રામાપીર મંદીર વિસ્તારમાં રહેતા કાનજીભાઇ ભગાભાઇ રાઠોડ (મેઘવાળ)નાં લગ્ન શિવનગરમાં જ રહેતી નીલાંબેન સાથે થવા પામ્યાં હતાં. જેમને લગ્ન જીવનમાં ત્રણ સંતાનો પણ પ્રાપ્ત થયાં હતાં.મંગળવારની બપોરના એક વાગ્યાના સુમારે નીલાંબેન રાઠોડે પંખા વડે ગળે ફાંસો ખાઇ જીવનલીલા સંકેલી લીધી હતી.આ બનાવ અંગે હોબાળા સાથે જાણ થતાં પરિવારજનો પંખા સાથે લટકતી લાશને ઉતારી પીએમ માટે લઇ ગયા હતા.બનાવની જાણ કરાતાં પોલીસ સાથે બહોળી સંખ્યામાં લોકોના ટોળાં પણ એકઠાં થવા પામ્યાં હતાં.આ અગમ્ય કારણોસર આત્મહત્યા અંગે તેણીના સસરા ભગાભાઇ ભોપાજી રાઠોડે જાહેરાત આપતાં પોલીસે અક્સ્માત મોત રજીસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.નીલાંબેનના મોતથી તેમનાં ત્રણ માસુમ બાળકોની મમતા છીનવાઇ જતાં પંથકમાં ભારે અરેરાટી સાથે કરૂણતાનો માહોલ ફેલાવા પામ્યો હતો.

# થરાદના ભાપી નજીક કેનાલમાંથી નવજાત બાળકનો મૃતદેહ મળ્યો



વિષ્ણું દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના ભાપી ગામની સીમમાંથી પસાર થતી નર્મદાની મુખ્ય નહેરમાં મંગળવારની વહેલી સવારના સાતેક વાગ્યાના સુમારે બાજુમાં પિયત કરી રહેલા ખેડુત શાંમજીભાઇ રાણાભાઇ પટેલે એક નવજાત બાળકનો નશ્વરદેહ તરતી હાલતમાં જોતાં તેમના પિતરાઇને જાણ કરી હતી. આથી થોડીવાર માટે ખેડુતો એકઠા થતાં બંન્ને જણાએ પાણીના પ્રવાહમાં આમતેમ ફંગોળાતા એક માસુમનો મૃતદેહને બહાર કાઢ્યો હતો.જોકે તે કાયમના માટે આંખો મિંચાયેલ અને ફુગાઇ ગયેલી હાલતમાં હોઇ તેને જોઇને બધા દ્રવી ઊઠ્યા હતા.

જોકે પુરા મહીને જન્મેલા હોય તેવા પરીપક્વ બાળકને કોઇ માતાએ પોતાનું પાપકર્મ છુપાવવા માટે જન્મ આપ્યા બાદ તેને એકાદ દિવસ પહેલાં જ નહેરમાં નાખી મોતને હવાલે કરવામાં આવ્યું હોવાનો તર્ક પ્રકટ કરી ફુલ જેવા કુમળા બાળકને નહેરમાં નાખવાનું અધમ અને રાક્ષસી કૃત્ય કરનાર આ માતા અને તેમાં સામેલ શખ્સો પ્રત્યે ધૃણા અને ફીટકારની લાગણી પ્રક્ટ કરતા જોવા મળ્યા હતા.આઅંગે થરાદ પોલીસનું ધ્યાન દોરવામાં આવતાં દોડી આવેલી પોલીસે પીએમ બાદ તેના અંતિમ સંસ્કાર કરાવી અજાણી મહિલા સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.જ્યારે આ બનાવથી થરાદ પંથકમાં ભારે ચકચાર અરેરાટી અને ફીટકારની લાગણી ફેલાયેલી જોવા મળી હતી.

# પાલનપુરના ઢૂંઢીયાવાડીમાં ૨૦ વર્ષીય યુવકે વખ ઘોળ્યું

પાલનપુર

પાલનપુર શહેરના ઢૂંઢીયાવાડી વિસ્તારમાં રહેતા એક ૨૦ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ઝેરી ગોળીઓ ખાઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.પાલનપુરના ઢૂંઢીયાવાડી વિસ્તારમાં રહેતો પ્રકાશ દિલીપભાઈ ઓડ નામનો ૨૦ વર્ષીય યુવકએ અગમ્ય કારણોસર ગોળીયો ખાઈ લેતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાયો હતો.

# પાલનપુરમાં વીજ કરંટ લાગતા યુવક પટકાયો

પાલનપુર

પાલનપુરના એસ.ટી. કોલોની સામે ઊંચાઈ પર બોર્ડ લગાવતી વખતે વીજળીના વાયર ને અડી જતા ૨૪ વર્ષીય યુવકને કરંટ લાગતા તે નીચે પટકાયો હતો. આ ઈજાગ્રસ્ત યુવક જગદીશ બાબુલાલ વડેરી ઉંમર ૨૪ રહે. પાલનપૂરને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# થરાદના કમાળી ગામથી પરીણિત યુવતી ગુમ થતાં ચકચાર



પ્રતિનિધિ થરાદ

તાલુકાના હરીપુરા મુકામે પરણાવેલી થરાદ તાલુકાના કમાળી ગામની અતિયાબેન કરશનભાઇ પ્રજાપતિ નામની ૩૦ વર્ષિય મહિલા ગત ૨૩/૧૦/૨૦૧૭ના રોજ પિયરમાં મળવા માટે આવી હતી.જે તા.૩૦/૧૦/૨૦૧૭ના રાત્રે બારેક વાગ્યાના સુમારે ઘેરથી અચાનક ગુમ થઇ જવા પામી હતી.જેની વ્યાપક શોધખોળ કરવા છતાં પણ કોઇ પત્તો નહી મળતાં આ અંગે તેણીના ભાઇ અજાભાઇ ગમાનાજી પ્રજાપતિએ થરાદ પોલીસને લેખિત જાણ કરી હતી.જેમાં બે મોબાઇલના વોટ્સએપ નંબર આપી તેણીને શોધી લાવી આપવા માટે રજુઆત કરી હતી.યુવતી શરીરે ચાંદીનાં કડલાં, તોડીઓ, કાનના મરકા અને ગળામાં ફુલ તથા ઓમ જેવા દાગીના સાથે ગુમ થતાં પંથકમાં ચકચાર મચવા પામી હતી.

# થરા દરબારગઢ ખાતે મહંત બળદેવનાથજીની પાવન પધરામણી

**પાકિસ્તાન હિંગળાજ માતાજીના દર્શનાર્થે ગયેલા મહંતનું હૃદય ગરીબી જોઈ દ્રવી ઉઠ્યું: ભેટ ચરણે આવેલા રૂા. ૬૦ લાખ "શ્રી ઓગડનાથ હોસ્પિટલ" સ્થાપવાને ગરીબ દર્દીઓની સેવા કરવા પાછા સમર્પિત કર્યા..**



યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ- દિયોદર પંથકમાં આસ્થા શ્રદ્ધાનું કેન્દ્ર શ્રી ઓગડનાથ થળી- નકળંગ દેવદરબાર ગુરુગાદીના ૧૦૦૮ મહંતશ્રી બળદેવનાથજી ગુરુ વસંતનાથજી મહારાજ ૧૨૫ વર્ષ પછી પાકિસ્તાનમાં બિરાજમાન હિંગળાજ માતાજીના પ્રાચીન સ્થાને દર્શનાર્થે ગયેલા જ્યાંના સાંસદ એમ.એલ.એ. સહિત ભાવિક ભક્તોના આગ્રહથી ગયા. હમીરસિંહજી સોઢા પરિવાર સહિત હિન્દુ- મુસ્લિમ તમામ ભાઈ- બહેનો - ભક્તોએ ઉષ્માભેર સ્વાગત કર્યું. તેઓ પાકિસ્તાનના જે વિસ્તારમાં ગયા ત્યાં દારૂણ ગરીબી નિહાળી દ્રવી ઉઠ્યાને તેમના ચરણે મળેલ રૂા. ૬૦ લાખ જેટલી માતબર રકમ ત્યાંના વિસ્તારમાં ''શ્રી ઓગડનાથજી હોસ્પિટલ'' સ્થાપિત કરી ગરીબ દર્દીઓની સેવાર્થે અર્પણ કરતાં સૌ કોઈ ગદ્દગદિત થઈ ગયા હતા.પાકિસ્તાનથી પરત ફરેલા મહંત વર્ષોની પરંપરા મુજબ પહેલી પધરામણી થરા દરબારગઢમાં કર્યા પછી જ અન્ય સ્થળે જાય છે. તે જાળવી હતી ને થરા દરબારગઢ ખાતે તેમનું શારદાર શૈલીમાં પધરામણી કરી હતી. મુખ્યગેટ પાસે માજી સરપંચ ચંદ્રસિંહજી વી. વાઘેલા, હેતકરણસિંહ વાઘેલા, મૂળરાજસિંહ વાઘેલા, પ્રહલાદસિંહ વાઘેલા (દેવુભા), પૃથ્વીરાજસિંહ વાઘેલા, પ્રતિપાલસિંહ વાઘેલા, યશપાલસિંહ વાઘેલા, વનરાજસિંહ વાઘેલા, ભગીરથસિંહ વાઘેલા, સિધ્ધરાજસિંહ વાઘેલા, વિરભરદ્રસિંહ વાઘેલા, શિવરાજસિંહ વાઘેલા, મયુરસિંહ વાઘેલા, રાજદીપસિંહ વાઘેલા,

અનુસંધાન પાના નં.૬

# ડીસા સહિત જિલ્લામાં શિયાળાની શરૂઆતમાં જ કચરીયાની ઘાણીઓ ધમધમી ઉઠી



નરસીંહ દેસાઈ

પ્રતી. વડાવળ

શિયાળાની શરૂઆત થતા જ ડીસા પંથક સહિત જિલ્લામાં જુનવાણી દેશી ઢબનું તલગોળનું કચરીયુ બનાવતી ઘાણીઓ ધમધમી ઉઠી છે. રાજસ્થાન સહિત અન્ય પ્રદેશના શ્રમજીવી કારીગરો દ્વારા શહેરોમાં ઠેરઠેર ઘાણીઓ નાંખવામાં આવી છે. આયુર્વેદની દષ્ટીએ સ્વાસ્થ્ય માટે શક્તિવર્ધક ગણાતા કાળા અને સફેદ તલના કચરીયા ગોળ તથા અન્ય મસાલાના મિશ્રણ સાથે બનાવવામાં આવી રહ્યું છે.શિયાળાની ઋતુમાં વસાણા તરીકે ઉપયોગમાં લેતા દેશી ગામઠી આયુર્વેદિક વસાણાના તથા બજારમાં મળતા વિવિધ બ્રાન્ડના તૈયાર વસાણા ઘણા પ્રકારના જોવા મળી રહ્યા છે. ત્યારે બળદ અને બાઈક વડે રાજસ્થાની શ્રમજીવી યુવકો સફેદ તલ અને ગોળ તથા અન્ય મસાલા યુક્ત દેશી કચરીયું દેશી ઢબથી બનાવી રહ્યા છે.

વર્ષો પહેલા માત્ર બળદની ઘાણીમાં કચરીયું પીલવામાં આવતું હતુ પણ ધીરે ધીરે બળદોની સંખ્યા ઓછી થઈ અને પાલન પોષાણનું ખર્ચ પણ વધુ થઈ રહેતા હવે બળદોની જગ્યાએ અનેક સ્થળો એ નવી ટેકનિક અપનાવી બાઈકનો ઉપયોગ કરી તલ અને ગોળને ઘાણામાંથી કચરીયું કાઢી રહ્યા છે. ત્યારે ડીસા શહેરના રસ્તા પર કારીગરો દ્વારા કચરીયા પીલવાના ઘાણા ફરતે બળદને આંખે પાટા બાંધી ઘાણો પીલી કચરીયું કાઢી રહ્યું છે. કચરીયાના કિલોના ૧૫૦ થી ૩૫૦ રૂપિયા સુધી કચરીયા બનાવવામાં આવી રહ્યા છે. આમ બળદની મદદથી તથા બાઈક વડે શ્રમજીવી કારીગરો કચરીયાનો જથ્થો રોજરોજ કાઢી રહ્યો છે જેમ જેમ શિયાળાની મોસમ જામવા લાગશે તેમ લોકોમાં કચરીયા ખરીદવાની પણ માંગ વધુ જોવા મળશે.

# કાંકરેજના વડા મુકામે હિન્દુ સમ્રાટ શેરસિંહ રાણાનું સ્વાગત



સંજજનસિંહ સોલંકી

**મુડેઠા - ખીમાણા - શિહોરીથી વડા સુધી મહાકાલ સેનાના યુવાનો દ્વારા બાઈક રેલી યોજી સ્વાગત કર્યું**

પ્રતિ. કંબોઈ

મૂળ ઉત્તરાખંડના રૂડકી ગામના વતની શેરસિંહ રાણા ગુજરાતના બનાસકાંઠાના પ્રવાસે છે.જેઓ તા.૨૮/૧૧/૨૦૧૭ ના રોજ કાંકરેજ તાલુકાના વડા ગામે પધાર્યા હતા જ્યાં વાઘેલા પરિવારની ગુરુગાદીમહંત ૧૦૦૮ બળદેવનાથ બાપુ, ૧૦૦૮ મહંત જગદીશપુરીબાપુ સહિત દીયોદર રાજવી પરિવાર તેમજ કાંકરેજ જાગીરદાર સમાજ,રાજપુત સમાજ સહિત વીશાળ સંખ્યામાં મહાકાલ સેના, કરણીસેનાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અને મુડેઠા રાઠોડ અને સોલંકી પરિવાર દ્વારા સ્વાગત કરાયું હતું. જ્યારે મુડેઠા - ખીમાણા - શિહોરીથી વડા સુધી મોટી સંખ્યામાં રાજપૂત યુવાનો દ્વારા બાઈક રેલી યોજી હતી અને જય કહાકાલ જય ઓગડનાથ મહારાજ હર હર મહાદેવ ના નારાથી સમગ્ર વડાગામની શેરીઓ ગુંજી ઉઠી હતી ફિલ્મ પદમાવતી ઉપર ગુજરાત સરકારે પ્રતિબંધ લગાવ્યો જે રાજપુત સમાજની એકતાનું પ્રતિક ગણાવ્યું હતું. આમ દરેક સમાજની જેમ રાજપુત સમાજ શિક્ષીત અને સંગઠીત થાય તેવું શેરસીંહ રાણા દ્વારા આહવાન કરાયું હતું.

# સાહસિક પગપાળા સાબરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન

પાલનપુર

ગુજરાત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક- યુવતીઓને સાહસિક સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં જોડાવવાની તક આપી પ્રોત્સાહિત કરવા કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે દર વર્ષે સાહસિક પગપાળા સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજવામાં આવે છે. ચાલુ વર્ષે ૧૦ (દશ) દિવસ માટે આવો સાહસિક સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજ્યભરમાંથી મળેલ અરજીઓમાંથી પસંદ કરવામાં આવનાર કુલ:-૧૦૦ યુવક- યુવતીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપશે.

આ પ્રવાસમાં જોડાવા ઈચ્છતા યુવક- યુવતીઓ કે જેમની ઉંમર તા. ૦૧/૧૨/ ૨૦૧૭ ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા હોય તેમણે સાદા કાગળ પર પોતાનું નામ- સરનામું, મોબાઈલ નંબર, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, એન.સી.સી./ પર્વતારોહણ/ રમતગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનું દાકતરી પ્રમાણપત્ર, વાલીની સંમતિ, તાજેતરમાં પડાયેલ પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ઓળખકાર્ડ (ચૂંટણી કાર્ડ, સ્કુલ/ કોલેજનું કાર્ડ), અગાઉ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત વગેરે માહિતી દર્શાવતી અરજી તા. ૦૫/૧૨/૨૦૧૭ સુધીમાં આ કચેરીના નિયંત્રણ હસ્તકની જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ભાવનગર- શહેર, બહુમાળી મકાન, એનેક્ષી બિલ્ડીંગ, રૂમ નં.જી-૧, ભાવનગર પીનકોડ નં.૩૬૪૦૦૧ ને મોકલી આપવાની રહેશે.

પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા કુલ ૧૦૦ યુવક- યુવતીઓની આ કાર્યક્રમમાં જોડાવા માટે પસંદગી કરવામાં આવશે. માત્ર પસંદગી પામેલ યુવક- યુવતીઓને પત્ર દ્વારા જાણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં આવનાર યુવક- યુવતીઓને નિવાસ, ભોજન તથા આવવા- જવાનું ભાડુ સરકાર તરફથી આપવામાં આવશે.

# ચૂંટણી અન્વયે બનાસકાંઠાની બેઠકો માટે પોલીસ ઓબ્ઝઅર્વર સુનિલ રામનંદનું આગમન

પાલનપુર

વિધાનસભા સામાન્યપ ચૂંટણી-૨૦૧૭ અન્વમયે ભારતના ચૂંટણીપંચ દ્વારા બનાસકાંઠા જિલ્લાના ૭-વાવ, ૮-થરાદ, ૯-ધાનેરા, ૧૦-દાંતા, ૧૧-વડગામ, ૧૨-પાલનપુર, ૧૩-ડીસા, ૧૪-દિયોદર અને ૧૫-કાંકરેજની બેઠકો માટે પોલીસ ઓબ્ઝર્વરશ્રી સુનિલ રામનંદ (આઈ.પી.એસ.)ની નિમણૂંક કરવામાં આવેલ છે. તેઓશ્રી તા.૨૬/૧૧/૨૦૧૭થી સર્કીટ હાઉસ પાલનપુર ખાતે રૂમ નં.૩, માન સરોવર ખાતે રોકાણ કરેલ છે. તેઓશ્રીના સંપર્ક માટે મોબાઈલ નંબર-૭૦૬૯૦૫૨૮૧૫ છે.

# કાંકરેજ તાલુકાના ખારીયા ગામે પુસ્તકાલયની કીટનું વિતરણ



યશપાલસિંહ ટી.વાઘેલા

પુસ્તકાલય કીટ આપતા ડો.કુલદીપ ઠક્કરના

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકામાં ગત જુલાઈના ઘોડાપૂરે સર્જેલી તારાજીમાં શૈક્ષણિક સંસ્થાઓમાં પણ નુકશાન થયેલ ત્યારે વિવિધ સંસ્થાઓ - રાજય સરકાર દ્વારા આખા જિલ્લાને સહાય કરી બેઠું કરવા પ્રયત્ન કર્યો હોય તેમ સહાય ચૂકવાઈ પુરગ્રસ્ત વિસ્તારમાં શાળા પુસ્તકાલયોને ડુગરાસણ પ્રા.શાળાના આચાર્ય ડો.કુલદીપ ઠક્કરે રાજયની કેટલીક અગ્રગણ્ય સંસ્થાઓને પુસ્તકાલય કીટ મોકલવા વિનંતી કરતાં ભરૂચની એમીટી ઈન્ટરનેશનલ સ્કુલ અને સદભાવના ફોરમ દ્વારા

અનુસંધાન પાના નં.૬

**જોઈએ છે**

**CM Enterprise** All Type Online Service

ટેક્ષશન વર્ક માટે કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી / ટેલિકોલીંગ કરી શકે તેવા, છોકરા - ૨ / છોકરીઓ - ૨

એડ્રેસ : સી.એમ.એન્ટરપ્રાઈઝ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની ઉપર ગાયત્રી મંદિરની નજીક, ડીસા (બ.કાં.) - ૩૮૫૫૩૫

મો. ૯૬૨૪૪ ૮૪૧૧૧,૯૬૨૪૪૨૨૩૧૧ સમય બપોરે ૨.૩૦ થી ૬.૦૦

નોંધ : તા. ૧૦/૧૨/૨૦૧૭ પહેલા બાયોડેટા તથા સર્ટીફીકેટ સાથે મળો

## તંત્રી સ્થાનેથી ...

**પ્રભુનું નામ લેશે તે મૂક્ત થઈ જશે.**

# દેશના ખેડુતોને તેમની ઉપજના યોગ્ય ભાવ મળવા જ જોઈએ

છેલ્લા કેટલાક સમયથી દેશમાં ખેડુતોના પ્રશ્નો સરકાર કયા કારણથી હલ કરી શકતી નથી. તે બાબત ગંભીર માની શકાય. દેશમાં અન્ન ઉત્પાદન કરનાર ખેડુતોને પોતાના પ્રશ્નો સંદર્ભે ધરણા અને સરકાર વિરૂધ્ધ દેખાવો કરવા પડે તે પણ એક વિચારવા જેવી બાબત છે. તાજેતરમાં રાજધાની નવી દિલ્હી ખાતે દેશભરના અસંખ્ય ખેડુતોએ તેમની કૃષિ ઉપજના યોગ્ય ભાવ ન મળતા દેખાવ યોજ્યા હતા. કહેવાય છે કે આ દેખાવમાં ૨૫ જેટલા રાજ્યો અને ૧૮૪ જેટલા ખેડુત સંગઠનોના ખેડુત સભ્યો જોડાયા હતા. જેમાં કેટલાક ખેડુતોની વિધવા પત્નિઓ પણ હતી.

ખેડુતો જે ઉત્પાદન કરે છે તેની ઉપજના યોગ્ય ભાવ સરકારે નક્કી કરવા જોઈએ કે વેપારીઓએ ખેડુતોને નુકસાન થાય તો તેમના પરિવારોને ગુજરાન ચલાવવું મુશ્કેલ પડે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કર્ણાટક, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગણા અને મધ્યપ્રદેશના ખેડુતોના પ્રશ્નો હલ ન થતા તેઓએ આપઘાતનો માર્ગ અપનાવ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે કેટલાક ખેડુતોએ ખેતી માટે બેંક લોનો લીધી હતી અને વાવેતર કર્યું હતું. પરંતુ નસીબે તેમનો સાથ ન આપ્યો અને પાક નિષ્ફળ ગયો ત્યારે ખેડુતોને ખેડુતોને બેંક લોન ક્યાંથી ભરવી તે પ્રશ્ન ગંભીર બની ચુક્યો હતો. જે ખેડુતોએ ખાનગી ફાયનાન્સમાંથી લોન લીધી હતી. તેમનો તો ભયાનક હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

દેશમાં ખેડુત સંગઠનો ઘણા છે અને તેમના પ્રશ્નો મોટાભાગે સમાન હોય છે. તેઓ સરકાર સમક્ષ પોતાની મુશ્કેલીઓ રજુ કરે છે પરંતુ સરકારી બાબુઓ સાંભળતાં જ નથી. અને એવું કહેતા ફરે છે કે ‘‘અમે આગળ રજુઆત કરી છે’’ તમારા પ્રશ્નો હલ થઈ જશે..! પરંતુ હક્કીતમાં સરકાર સમક્ષ કોઈપણ જાતની રજુઆત થતી જ હોતી નથી. અને ખેડુતોની સ્થિતિ સુડી વચ્ચે ફસાયેલી સોપારી જેવી બની રહે છે. ખેડુતોના જે તે પ્રશ્નો વિના વિલંબે સરકારે દૂર કરવા જોઈએ. જો દેશભરના ખેડુતો ખેતી બંધ કરી દેશે તો શું પરિસ્થિતિ સર્જાશે? તે બાબત પણ સરકારે વિચારવા જેવી તો ખરી જ. જગતના તાતને રીબાઈ રીબાઈને જીવવું પડે અને આત્મહત્યાનો માર્ગ અપનાવવો પડે તે બરાબર નથી.

રાજધાનીમાં ખેડુત સંગઠનો જ્યારે આટલા મોટાપાયે દેખાવ કરતા હોય છતાં કેન્દ્રના કૃષિ વિભાગની આંખ કેમ ઉઘડતી નહિં હોય? માત્ર કેન્દ્ર જ નહિં. પરંતુ રાજ્ય સરકારોનું વલણ ખેડુતો પ્રત્યે વિશ્વાસપાત્ર રહ્યું નથી. ખેડુત આલમની જે તે માંગણી છે તે સંદર્ભે સરકાર આંખ આડા કાન કેમ ધરતી હશે? આમાં કોઈ એક રાજકીય પક્ષને જવાબદાર ઠેરાવી શકાય તેમ નથી.

કહેવાય છે કે આગામી શિયાળુ સત્રમાં સંસદમાં ખેડુતોનું દેવા માફી બિલ રજુ થવાનું છે. આ ઉપરાંત ખેડુતોને પોષણક્ષમ ભાવ મળે તેની પણ રજુઆત સાથે સંસદમાં ચર્ચા થનાર છે.

ખેડુત આલમનું માનવું છે કે તેમની ઉત્પાદન કિંમત કરતાં દોઢ ગણો ટેકાનો ભાવ સરકારે જાહેર કરવો જોઈએ, તો જ તેઓને વળતર મળી રહે. દેશના ખેડુતોની બીજી માંગણી જમીન સંપાદન વિધેયક અંગેની પણ છે. તેમનો એવો આક્ષેપ છે કે સરકાર ખેડુતો પાસેથી જમીનો પડાવી લે છે અને તે જમીનનું યોગ્ય વળતર ખેડુતોને આપતી નથી. સરકાર જો આવું કરતી હોય તો માત્ર ખેતી પર જ પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ખેડુતોની સ્થીતિ કેવી થશે? તે બાબતે પણ સરકારે આત્મમંથન કરવું જોઈએ અને જગતના તાતને સમજવા જોઈએ. કુદરતી આફતથી કે ગમે તે કારણસર ખેડુતોને વળતર જોઈતું હોય તો અનેક પ્રકારના ફોર્મ ભરવા પડતા હોય છે. તેઓને કાયદાની આંટીઘુંટીનો ખ્યાલ હોતો નથી. એટલે સરકારી અધિકારીઓ ધક્કે ચડાવે છે. વળતર માટેના નિયમો સરળ બનાવવા જોઈએ. ખેડુતો માટે કાયદો કે નિયમ હોવા જોઈએ નહિં.

# સંબંધો મધુર રાખો

સંબંધ બરફના ગોળા જેવા હોય છે. એમને બનાવવા સહેલા છે પણ બનાવી રાખવા બહુ કઢણ છે.

સંબંધમાં મીઠાઈને જીવનતા બની રહે તે જ સંબંધ સાચા જેમ ફુલ છોડની નિયમિત સાંળ સંભાળ રાખવી જોઈએ એવી રીતે માણસને સમય અને સમજદારી દ્વારા સંબંધો મધુર બનાવી શકે છે.

દુનિયા સંબંધોમાં ચાલે છે દોસ્તીનો સંબંધ સમાજિક સંબંધ અને માનવતાનો સંબંધ જો સંબંધ નિભાવવો આપણી કમજોરી છે તો આ દુનિયાના સૌથી મજબુર માણસ છીએ આ વાત સાચી છે.

કેમ કે દરેક સંબંધ બાંધી તેમને નિભાવવા પડે છે. નહીતર તે સંબંધ તુટી જાય છે. ભલે લોહીમાં સંબંધ આપણને જન્મથી મળી જતા હોય પણ તેમને ટકાવી રાખવા ખુબ જ જરૂરી નિભાવવા પડે છે એમના પર મહેનત કરવી પડે છે.

આ માટે સમય અને સમજદારીની જરૂર હોય છે. આજકાલ એકલા પરિવારનું ચલણ વધારે જોવા મળે છે. ભાર-ભાઈ એકલા રહેવા લાગ્યા પહેલાની જેમ ભેગા નથી રહેતા.

ક્યારેક સંબંધો એવા પણ બનાવવા પડે વ્યાપાર માટે સંબંધ,આજુબાજુવાળા સાથે સંબંધ કલબ અથવા અન્ય સામાજિક આવા સંબંધમાં સ્નેહ પણ વધે અને આપણા પણું લાગે આવા સંબંધોમાંથી જીવનભર ઘેરો સંબંધ થાય ને એમ અંત સુધી સાથ નિભાવે આજકાલ લગ્ન પહેલા જ ફોન પર વાતો કરવી હળવું મળવું સામાન્ય આવું કરવાથી

જીવન સાથી એક બીજાને જાણવાનો પ્રયાસ કરે છે તેમની અપેક્ષા અને નવા જીવન માટેની યોજના બનાવી તેના વિચારોને રોપણ કરે છે. આ દરમ્યાન દુનિયા ખૂબ હસીન લાગે બધુ ખુબ સારૂ લાગવા લાગે છે. દુનિયા પણ વધારે ખુબ સારી લાગે અને આવી રીતે દુનિયા ખુશાલ લાગે.

**રાજેશ બારૈયા ‘વનવાસી’**
**મુ.પો.બોરડા, જિલ્લો-ભાવનગર**

### આત્મચિંતન

## વ્રતશીલ બનીએ

વ્રતનો આધ્યાત્મિક અર્થ એવું આચરણ છે, જેશુદ્ધ સરળ અને સાત્વિક હોય અને જેનું પાલન ખાસ મનોયોગ પૂર્વક કરવામાં આવ્યું હોય. એવું જોવા મળે છે કે વ્યાવહારિક જીવનમાં ઘણાં લોકો મોટે ભાગે સત્ય બોલે છે અને સત્યનું આચરણ પણ કરે છે, પરંતુ કેટલીક ક્ષણો એવી આવી જાય છે કે સત્ય બોલવું તે સ્વાર્થ અને ઈચ્છા પૂર્ણ કરવામાં બાધા રૂપ બને છે. તે સમયે લોકો ખોટું બોલી જાય છે અને અસત્ય આચરણ કરી બેસે છે. પોતાના સ્વાર્થ ખાતર સત્યની અવગણના કરવી એનો મતલબ એ થયો કે આપણી નિષ્ઠા એ આચરણમાં નથી. અર્થાત આપણે વ્રતશીલ નથી એવું કહેવાય. **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ધી ક્વૉલિટી ઓફ લાઈફ...એના ચહેરા ઉપર હાસ્ય છે...ને એના પગમાં લાસ્ય છે...

એની બંને કિડનીઓ ફેઈલ છે. છતાં એ નૃત્ય કરે છે. નૃત્યના કાર્યક્રમો આપે છે. જિંદગીની સામે એ કાંઈ હારી નથી... ઝૂકી નથી... ડૉ. મોહન રાજાપુરકર પોતાની વાત કરવાને બદલે પોતે વારંવાર જે વાક્યનો ઉપયોગ કરે છે તે વાક્ય ‘રીૂક્રૈંઅ ૅક ક્રૈંકી જ દ્બજં દ્બૈક્રિહ’ ના સમર્થનમાં નિકિતા ધિયા નામની એક યુવતીનું ઉદાહરણ આપી રહ્યા હતા.

ડૉ.મોહન મનોહર રાજાપુરકર નડિયાદની વી.ટી.દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતી મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલના ડાયરેક્ટર છે. આ કિડનીની હોસ્પિટલ ભારતભરમાં પ્રસિદ્ધ છે. કિડની ફેઈલ થઈ ગઈ છે એવું સાંભળતાં જ ઘણા દર્દીઓ ભાંગી પડે. કિડનીનું પ્રત્યારોપણ કરવું, ડાયાલિસિસ કરવું એ બધી પ્રક્રિયા ખૂબ ખર્ચાળ હોય છે. અને દર્દ કાંઈ શ્રીમંતોને પસંદ કરીને આવતું નથી. ઘણા ગરીબોની કિડની ફેઈલ થઈ જાય એવા ગરીબો ય આ કિડની હોસ્પિટલમાં આવે. ભાડું ય ઉછીનું ઉધાર લઈને આવ્યા હોય. લાખ રૂપિયા શબ્દ તો કાને સાંભળવા મળ્યો હોય, પણ જન્મ ધારણ કરીને લાખ રૂપિયા ક્યારેય જોયા ન હોય; એવા લોકો ય આ હોસ્પિટલમાં સારવાર મેળવે છે. ‘મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલના ડાયરેક્ટર પદે સેવા આપનાર વ્યક્તિની પ્રતિબદ્ધતા શું?’ એવો મારો સવાલ હતો, પણ મોહન મનોહર રાજાપુરકરે એમના જીવનની આસપાસ એક દીવાલ રચી દીધી હતી. હું ઊથલાવી ઊથલાવીને પૂછું ને એ હસી હસીને જવાબ ઉડાવી દે. પાસે જ ડૉ.કુબાવત સાહેબ, ફોટોગ્રાફર પંકજભાઈ સોનેજી અને શ્રી મહેશભાઈ જોષી બેઠેલા.

એમણે કહ્યું-‘આપણે દરેક કામને પ્રતિબદ્ધતા સાથે શા માટે સાંકળીએ છીએ? ડૉક્ટર ડૉક્ટરનું કામ કરે. જર્નાલીસ્ટ જર્નાલીસ્ટનું. આમાં શું થઈ ગયું? બધા ફરજ બજાવે છે. હું પણ બજાવું છું. આમાં કાંઈ સેવા, પ્રતિબદ્ધતાની વાત જ નથી... સૂર્ય, ચંદ્ર, હવા, તારા પ્રકૃતિનાં રૂપો ક્યાં એવો દાવો કરે છે કે અમે કોઈને પ્રતિબદ્ધ છીએ? એ તો પોતાની ફરજ પ્રમાણે કાર્ય કર્યે જાય છે.’ ડૉક્ટર મોહન રાજપુરકર પોતાના આ કાર્યને સાવ તટસ્થતાથી મૂલવતા હોવાથી એમને સહજ લાગે. પણ બીજા ઘણાને એ સહજ નથી લાગતું. (ખાસ કરીને મારા જેવાને) એટલે એ ઉત્તરના કેન્દ્રસ્થાને પહોંચવા પ્રશ્નની રીત બદલી. ડૉક્ટર મોહન રાજાપુરકરનું એક પ્રિય વાક્ય બીજું ય હતું. ‘મારો રોગ મારા જીવનની ગુણવત્તા નક્કી કરી શકે નહીં; હું મારા રોગ ઉપર રાજ્ય કરું, એમ આપ વારંવાર કહો છો તો એનું કોઈ ઉદાહરણ ખરું?’

તેમણે કહ્યું-‘હા, બે ઘટનાઓ તમને કહું.’ એમ કહીને તેમણે પહેલી જે ઘટના મારી પાસે રજૂ કરી તે આ નિકિતા ધિયાની.

નિકિતા ધિયાએ યુવાનીના ઉંબરે જ્યારે પહેલું ડગલું ભર્યું, ત્યારે તો એ પોતાના શરીર વિષે સાવ બેખબર હતી. અભ્યાસ કરતી હતી. વેકેશનમાં મામાને ત્યાં મુંબઈ ગઈ. અચાનક આંખની નીચે સોજા આવવા લાગ્યા. થોડુંક કામ કરતાં થાકી જવાયઃ પેશાબ ઓછો થાય, પછી તો પગમાં પણ સોજા ચડવા લાગ્યા. ડૉક્ટરને બતાવ્યું. પેશાબના, લોહીના અનેક ટેસ્ટ કરાવ્યા. કિડની હોસ્પિટલમાં જવાની સૂચના મળી એ નડિયાદ મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલમાં આવી. બન્ને કિડનીઓ ફેઈલ થઈ ગઈ હતી. એને ડાયાલિસિસ ઉપર રાખવામાં આવી. નિકિતાએ દસ વર્ષની ઉંમરે પિતાને ગુમાવી દીધા હતા. પરિવારમાં માતા હતી ને એક નાનકડો ભાઈ હતો. આખી જિંદગી કાંઈ ડાયાલિસિસ ઉપર રહેવાય નહીં... એટલે કિડની ‘ટ્રાન્સપ્લાન્ટ’ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

કિડની પ્રત્યારોપણ કરવી એ ખુબ જટિલ કાર્ય છે. એમાં ખુબ ખર્ચ થતો હોય છે. પણ નિકિતાની માતાએ પોતાની દીકરીને એક કિડની આપવા માટે આગ્રહ કર્યો અને નિકિતાની કિડની ટ્રાન્સપ્લાંટ થઈ. આ બધી કાર્યવાહીમાં લગભગ એકાદ વર્ષ જેટલો સમય ચાલ્યો ગયો. એક કિડની આવતા નિકિતા પાછી નોર્મલ જિંદગી જીવવા લાગી. તેણે બી.કોમ. કર્યું. મુંબઈની સોફિયા કોલેજમાં બાળઉછેરનો ડિપ્લોમા કોર્સ કર્યો. એટલું જ નહીં; બચપણથી નૃત્યનો શોખ હતો, એને પૂર્ણ કરવા માટે ભારત નાટ્યમ્‌માં પણ એ નિપૂણ બની. આમ એ ભૂલી ગઈ કે એને કેવળ એક કિડની છે. ઓપરેશન કરાવેલું છે. પણ શરીર ના ભૂલ્યું. એ જિંદગીને માણતી હતી. મસ્તીથી જીવતી હતી. ત્યાં ફરી પાછા આંખ ઉપર સોજા આવવા લાગ્યા. પગમાં સોજા આવે, થાક લાગે... શ્વાસ ચડે... તેણે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં નિદાન કરાવ્યું. તબીબોએ કહી દીધું-

‘કિડની ફેઈલ...’

હજુ તો કેટલાંય પગલાં ચાલીને તેણે અરંગેત્રમના શૉ કરવા હતા. પણ હવે એક પગલીય ઊઠાવી શકાય તેવું ન હતું. ફરી પાછી એ નડિયાદ મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ કિડની હોસ્પિટલમાં આવી. ત્રણ- ચાર મહિના નિયમિત ડાયાલિસિસ ઉપર એ રહી, પણ એમ ક્યાં સુધી જીવાય? ડૉક્ટરોએ કહ્યું-‘નવી કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવી પડશે.’

બીજી કિડની મેળવવી એ સાગરમાંથી સોય શોધી કાઢવા જેટલું દુષ્કર કામ ભલે નથી; પણ માણસોથી ભર્યા ભર્યા દેશમાં કિડનીદાતા મેળવવો એ પણ કાંઈ આસાન તો નથી જ...! એમાં પાછો લાખો રૂપિયાનો ખર્ચ થાય ને એ બધાં જોખમો ઊઠાવ્યા છતાં ય જો શરીર બીજાની કિડની ના સ્વીકારે તો? પ્રત્યેક માનવ દેહમાં પોતાનાં અને પારકાં દ્રવ્યો પારખવાની કુદરતી જૈવિક શક્તિ હોય છે, જેને પ્રતિકારતા કહે છે. જો આપણા શરીરમાં અન્યના શરીરનું પ્રતિજન્ય પ્રવેશે તો આપણા પ્રતિકારક કોષો તેને પારકા દ્રવ્ય તરીકે પીછાણી લે છે, અને તેની સામે ખાસ પ્રકારના રસાયણો (પ્રતિદ્રવ્ય) પેદા કરીને તથા અન્ય જટીલ કોષીય પ્રક્રિયાઓ દ્વારા જૈવિક યુદ્ધ શરૂ કરી દે છે. આ જીવન રક્ષક પ્રતિકારક શક્તિ દાતાની દર્દીના દેહમાં આરોપણ કરેલી કિડની સામે પ્રતિદ્રવ્યો પેદા કરીને તેને નિષ્ફળ બનાવવાનો પ્રયત્ન કરે છે. કારણ કે આ પ્રતિકારક શક્તિને દાતાની કિડનીનું પ્રતિજન્ય જીવનરક્ષા માટે છે એવી પિછાણ નથી હોતી. આમ શરીર રિજેક્શન (અસ્વીકાર) કરે છે.

આથી પ્રત્યારોપણ શસ્ત્રક્રિયાની વ્યૂહરચનામાં એવી કિડની પસંદ કરવામાં આવે છે કે જેનેટિક રીતે લગભગ દર્દીના જેવી જ પ્રતિજન્ય સંરચના ધરાવતી હોય. આ પ્રમાણેની સંપૂર્ણ અને ચોક્કસ મેળ ખાતી સંરચના મેળવવી અઘરી હોય છે. એટલે જ માતા- ભાઈ, વગેરેની કિડની માટે વિશેષ આગ્રહ રાખવામાં આવતો હોય છે. નિકિતા ધિયાનું મન ઝોલા ખાતું હતું- જે શરીરે સ્વયં માતાની કિડની નથી સ્વીકારી એ બીજાની કિડની રિજેક્ટ કરે તો?

ક્રમશઃ

**- કનુ આચાર્ય**

## પ્રથમ વારના મતદારો માટે મતદાર નોંધણી ઝુંબેશ રજૂ કરવા ફેસબુક સાથે ભાગીદારી કરી

ફેસબુક પર ભારતના ૨૧૭ મિલિયન લોકો હોવાથી ચૂંટણીપંચે ૧૮ વર્ષના યુવાનોને મત આપવા માટે નોંધણી કરાવવા ફેસબુક સાથે ભાગીદારી કરી છે. આ ઝુંબેશના ભાગરૂપે ૨૮મી નવેમ્બર અને ૩૧મી ડિસેમ્બર વચ્ચે ૧૮ વર્ષના બધા ઉપભોક્તાઓને જન્મદિવસની શુભેચ્છા સાથે ન્યૂઝ ફીડ યાદગીરી પ્રાપ્ત થશે અને ચૂંટણીપંચમાં પોતાની નોંધણી કરાવવા માટે પ્રોત્સાહન અપાશે અને આ વર્ષે ૩૦મી નવેમ્બરે ૧૮ વર્ષના થતા બધાને યાદગીરી અપાશે. આ મતદાર નોંધણી યાદગીરી ભારતમાં ફેસબુક પર નવા પાત્ર પહેલી વારના મતદારોને મોકલવામાં આવશે.

યાદગીરી ૧૩ ભાષામાં રહેશે, જેમાં અંગ્રેજી, હિંદી, ગુજરાતી, તમિળ, તેલુગુ, મલયાલમ, કન્નડ, પંજાબી, બંગાળી, ઉર્દૂ, આસાની, મરાઠી અને ઓરિયાનો સમાવેશ થાય છે. રજિસ્ટર નાઉ બટન પર ક્લિક કરીને લોકોને National Voters’ Services Protal પર દોરવામાં આવશે, જે તેમને નોંધણી પ્રક્રિયામાં માર્ગદર્શન આપશે. ફેસબુક પર મતદાર નોંધણી યાદગીરી ઝુંબેશ ભારતભરમાં પહેલી જ વાર યોજાઈ રહી છે. ખાસ કરીને પહેલી વારના મતદારોને ધ્યાનમાં રાખીને આ યોજના લાવવામાં આવી છે. આ ભાગીદારી ભારતના ચૂંટણીપંચ દ્વારા ૧૫મી નવેમ્બરે જાહેર કરાયેલા પ્રથમ વારના મતદારોની નોંધણી કરાવવા માટે ચૂંટણીપંચની વર્તમાન ઝુંબેશને ટેકો આપે તે રીતે તૈયાર કરવામાં આવી છે.

ભારતના ચૂંટણીપંચના મુખ્ય ચૂંટણી કમિશનર અચલ કુમાર જ્યોતિએ જણાવ્યું હતું કે ૧લી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ૧૮ વર્ષ કે વધુ ઉંમરના થાય તેવા બધા મતદારો તરીકે ભારતના બધા સંભવિત અને પાત્ર યુવા નાગરિકોની નોંધણી કરવા માટે ભારતનું ચૂંટણીપંચ આ વિશેષ ઝુંબેશની જાહેરાત કરવામાં ખુશી અનુભવે છે. ફેસબુક સાથે ચૂંટણીપંચની આ ભાગીદારી કોઈ પણ મતદારો પાછળ નહીં રહી જવો જોઈએ અને દરેક મત મહત્ત્વપૂર્ણ છે એ અમારા ધ્યેયને પરિપૂર્ણ કરવામાં ભારતના યુવા ડિજિટલ સમુદાય સુધી પહોંચવામાં અમને મદદરૂપ થશે.

## ગુલકી જોશીનો ઝી ટીવીના પિયા અલબેલામાં પ્રવેશ



ઝી ટીવીનો લોકપ્રિય ફિક્શન ડ્રામા પિયા અલબેલા પોતાની અનોખી સ્ટોરી લાઈન અને મોહક પાત્રો વડે દર્શકોને જકડી રાખનાર છે. પૂજા (શીના દાસ) અને નરેન (અક્ષય મ્હાત્રે) ના લગ્ન નજીક છે, ત્યારે શોના પ્લોટમાં નવો વળાંક આવવાનો છે. શો હવે એક નવા પાત્ર, નૈનાનો પ્રવેશ જોશે, જેનું જટિલ વ્યક્તિત્વ અને વેરવૃત્તિવાળો સ્વભાવ વ્યાસ પરિવારમાં વિચ્છેદ આણનાર છે અને નૈના પાત્રના પેગડામાં પગ ઘાલવા આવી રહેલ છે અભિનેત્રી ગુલકી જોશી.

નૈના એક યુવાન સુંદર છોકરી છે જે પૂજાની ઓરમન બહેન/ અપર બહેન પણ છે. તેણીનો વ્યાસ પરિવારમાં દાખલ થવાનો હેતુ કાંઈ જેટલો લાગે છે તેટલો સીધો- સાદો તો નથી જ. નૈના પોતાનામાં કાંઈક ખાલીપણાંનો અનુભવ કરે છે કારણ કે બાળપણમાં પરિવાર દ્વારા તેણીનો સ્વીકાર કરવામાં આવ્યો નહોતો અને તેણી માને છે કે તેણીને જે પ્રેમ અને વ્હાલ મળવા જોઈતાં હતાં તે મળ્યાં નથી. પિયા અલબેલામાં તેણીના પ્રવેશ સાથે, દર્શકો ઘટનાઓના અનપેક્ષીત વળાંકને જોશે જે માત્ર પરિવારને પણ નરેન અને પૂજાના સંબંધને પણ પ્રભાવિત કરશે.

## બિગ-બોસ-૧૧ માંથી હરિયાણાની સિંગર સપના ચૌધરીની થઈ વિદાય



સળંગ ૩ સપ્તાહ સુધી નોમિનેટ થયા બાદ આખરે સપના ચૌધરીની ‘‘બિગ-બોસ ૧૧’’ ની સફર સમાપ્ત થી ગઈ. આ સપ્તાહ સપના ના સિવાય હિના ખાન, શિલ્પા શિંદે અને પ્રિયાંક શર્મા બિગ-બોસના ઘરમાંથી બહાર નિકલવા માટે નોમિનેટ થયા હતાં. શિલ્પા, હિના અને પ્રિયાંકની સરખામણીમાં સપનાને ઓછા વોટ્સ મળ્યા હતાં, તેથી તે એલિમિનેટ થઈ ગઈ.સેલિબ્રિટી તરીકે ‘‘બિગ-બોસ ૧૧’’ માં પ્રવેશ કરવા વાળી સપના ઘરમાં પોતાની રીતે જ રહી. સોશિયલ મિડિયામાં જબરદસ્ત ફેન-ફોલોઈંગ રાખનાર સપના વધારે નોર્થ ઈન્ડિયામાં દર્શકોની માનીતી રહી હતી.મૂળ રીતે દિલ્લીમાં રહેનાર સપના ચૌધરી હરિયાણાની સિંગર અને ડાન્સર છે.સપના અગાઉ આત્મહત્યાનો પ્રયાસ કરી ચૂકી છે. સપના જલ્દી જ આઈટમ નંબર લવ બાઈટથી બોલિવૂડમાં ડેબ્યૂ કરશે.જોતાં રહો એપ્પી ફિઝ પ્રેઝેન્ટ્સ બિગ-બોસ, પાવર્ડ બાય ઓપ્પો કેમેરા ફોન,ઈન્ટેલિજેન્ટલી સિક્યોર્ડ બાય સીપી પ્લસ, દર સોમવાર થી શુક્રવાર રાત્રે ૧૦-૩૦ કલાકે અને દરેક વીકેન્ડ પર રાત્રે ૯-૦૦ કલાકે ફક્ત કલર્સ પર.

## કેઆઈએફએસ ટ્રેડ કેપિટલને ‘ઈનોવેટિવ લોન્ચ કેમ્પેન ઓફ ધ યર’ એવોર્ડ



ફોટો : શાંતી શાહ

મુંબઈ

પોતાના ગ્રાહકોને અંતવિહિન સહયોગ ડિજિટલ ઈનિશિયેટિવ્સ દ્વારા આપવાના કેઆઈએફએસ ટ્રેડ કેપિટલના પ્રયાસોને હવે નવી ઓળખ મળી છે, જે ઓળખ કંપનીને ભારતનો ‘ઈનોવેટિવ લોન્ચ કેમ્પેન ઓફ ધ યર ’ એવોર્ડ પ્રાપ્ત થતા મળી છે. આ એવોર્ડ તેને તાજ લેન્ડ્સ એન્ડ ખાતે આયોજિત ભવ્ય સમારંભમાં વર્લ્ડ માર્કેટીંગ કોંગ્રેસ દ્વારા આયોજિત ગ્લોબલ માર્કેટીંગ એક્સલન્સ એવોર્ડ્સમાં પ્રાપ્ત થયો છે. ‘મોબાઈલ ટ્રેડીંગ એપ કેઆઈએફએસ ટ્રેડ ઓન પ્લસ’ એક અલ્ટીમેટ ટ્રેડીંગ પ્લેટફોર્મ છે જે ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટને સરળ, ઝડપી અને સુરક્ષિત બનાવે છે. તેની ખાસ વિશેષતાઓમાં - મલ્ટીપલ વોચલિસ્ટ સાથે વધુ ઝડપી સ્ટોક ટ્રેકિંગ, ઓટો ન્યુઝ અપડેટ તથા રિયલ ટાઈમ ફંડ ટ્રાન્સફર ક્ષમતા સિક્યોર એન્ક્રિપ્ટેડ ચેનલ દ્વારા સામેલ છે. દરેક યુઝર ગમે ત્યાંથી, ગમે ત્યારે ૧૦૦ ટકા અનુકૂળતા સાથે ટ્રેડ કરવા માટે સક્ષમ બને છે. ગેસ્ટ અને રજિસ્ટર્ડ યુઝર્સ બંને આ એપ માર્કેટને પોતાની આંગળીના ટેરવે રાખી શકે છે.. આ દર્શાવે છે કે અમારી મોબાઈલ એપ ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ પસંદગીની ટ્રેડીંગ એપ્લિકેશન બની છે. આવા સેન્સિટિવ માર્કેટમાં, અમારા ગ્રાહકો ઝડપી સેવા ઈચ્છે છે અને આથી અમારી મોબાઈલ એપ ટ્રેડિંગ બિઝનેસમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. અમને અમારી ડેટા સાયન્ટીસ્ટ, પ્રોગ્રામર્સ અને ડેવલપર્સ સહિતના ટેકનોલોજી એક્સપર્ટ્સની મજબૂત ટીમ માટે ગૌરવ છે અને તેના આભારી છીએ જેઓ ડિજિટલ પ્લેટફોર્મ પર અવિરત કામ કરી રહ્યા છે.

## ઝી કલાસીક ભારતીય રીતરીવાજોના વિરોધાભાષને પ્રદર્શીત કરે છે કેમ કે તે ડોર દર્શાવે છે




હીંદી સીનેમાની કોઈ એક એવી ફિલ્મ હોય જે તમારી આત્માને સ્પર્શી જાય અને તમને વિચારતા કરી મુકે તો છે ફોર. એક કરૂણ ઘટનાના લીધે જેમના જીવન પરસ્પર ગુંચવાઈ ગયાં એવી બે મહીલાઓની સુંદર રીતે વર્ણન કરવામાં આવેલી તાજગીપૂર્ણ કહાણી, ફોર ખુબ જ ઉત્સાહપુર્વક, વખાણવા અને ખુબ જ ચર્ચા કરવામાં આવી. ડોર પરસ્પર વિરોધાભાસી વ્યકિતત્વની બે મહીલાઓ મીરા અને ઝીનત કહાણીનું પગેરૂં કાઢે છે જ્યાં મીરા પરંપરાગત રાજપુતરીત રીવાજ મુજબ પોતાનું જીવન વિતાવી રહેલ છે. ત્યાં જ ઝીનત અતીશય સ્વતંત્ર મહીલા છે કે જે પોતાની શરતો પર જીવન જીવે છે. બંને મહીલાઓ જો કે એક સમાનતા ધરાવે છે. તેઓના પતી સાઉદી અરેબીયામાં કામ કરે છે જ્યાં તેઓ રૂમમેટસ તરીકે રહે છે. ભાગ્યમાં જેમ લખાયેલું હતું મીરાં જ્યારે પોતાના પતીની હત્યા બાબતે સાંભળે છે ત્યારે તેના પર આભ તુટી પડે છે. પલક ઝપકતાંમાં તેણી ગૌણ મહત્વની એક વિધવા તરીકે વખોડાઈ જાય છે. વળાંક ત્યારે આવે છે જ્યારે ઝીનતનો પતી પર મીરાના પતીની હત્યાનો આરોપ લાગે છે અને તેને મૃત્યુદંડ આપવામાં આવે છે. તેના માટે બચવાની એક માત્ર રીત છે મીરા તેને માફ કરે, પોતાના પતિને બચાવવા તેણીને વિનંતી કરવા જીનત પોતે મીરાની શોધમાં નીકળે છે. આ મુસાફરીમાં તેણી રાજસ્થાન રણમાં પોતે જેને પ્રેમ કરે છે તે માણસને બચાવવી શકે તેવી એક માત્ર વ્યક્તી એક બહુરૂપીયાને મળે છે. જુઓ શું સામે આવે છે કેમ કે ઝી કલાસીક ૧ લી ડીસે.ના રોજ રાત્રે ૧૦ કલાકે.

## કેંસર અને ડાયબિટીજ માટે ફાયદાકારી કેળા

આમ તો દરેક ફળ આરોગ્ય માટે જ હોય છે . આ જ રીતે કેળાના ફળ ફાયદાકારી છે માત્ર કેળાના ફળ જ નહી પણ ફૂલ અને તના પણ શરીરના માટે લાભકારી છે . પાન પર ભોજન કરવાથી આરોગ્ય પર ખૂબ અસર હોય છે. આ રીતે કેળાના ફૂલમાં પૌષ્ટીક તત્વની મોટી માત્રા હોય છે. એમાં ખૂબ ફાઈબર પ્રોટીન પોટેશિયમ કેલ્શિયમ કૉપર ફાસ્ફોરસ આયરન મેગ્નીશિયમ અને વિટામિન "ઈ" હોય છે.

આજે અમે તમને કેળાના ફૂલ અને ફળ ખાવાથી કયાં કયાં લાભ હોય છે ★ કેળાના ફૂલ મધુમેહ અને ડાયબિટીજના દર્દીઓ માટે લાભકારી છે. કેળાના ફૂલ મધુમેહ અને ડાયબિટીજના દર્દીઓ માટે લાભકારી છે. ★ કેળાના ફૂલ ડિપ્રેશનના રોગને રોકવા માટે લાભકારી છે. આ સ્ટ્રેસને ઓછું કરે છે. ★ ફ્રી રેડિકલ્સ હેલ્દી સેલ્સ અપર અટેક કરીને એને નબળું બનાવે છે. કેળાના ફૂલ કેંસર અને દિલના રોગને રોકવા માટે લાભકારી છે. ★ એક કપ કેળાના ફૂલને પાકું દહીના સાથે ખાવો. આથી પીરિયડસ નિયમિત રહે છે. ★ કેળાના ફૂલ ખાવાથી એનીમિયાના રોગથી બચી શકાય છે. આ રોગજન્ય જીવાણુથી શરીરના બચાવ કરે છે. ★ કેળાના ફૂ મહિલાઓમાં દૂધની માત્રાને વધારે છે. આથી આ સ્તનપાન કરતી મહિલાઓ માટે લાભકારી છે.

## ખેલ પાવર કા સાથે ઝી એકશન કુતુહલ અને રોમાંચના પ્રમાણને ઉપર લઈ જાય છે




ફોટો : શાંતી શાહ

એક હત્યા થઈ છે અને જ્યાં એક શંકાસ્પદ છે તે પોતાની નિર્દોષતા બાબતે પોકારી રહેલ છે. પણ કોઈ એની વાત કેમ નથી માનતું ? એકશન મુવીજ માટે ભારતનું વનસ્ટોપ ડેસ્ટીનેશન ઝી એકશન પોતાના દર્શકો સમક્ષ સાઉથ સેનસેશન વિશાલને ચમકાવતી એકશન પેકડ ખેલ પાવર કા લઈને આવે છે. આમાં એક સરળ અને પ્રમાણીક માણસ અકુધાવેલની કહાણી છે જે સમસ્યાઓના જાળામાં સપડાઈ ગયેલ છે તેને સ્થાનીક ડોન અને માઝીમારોના એસો.ના નેતા થામ્બાની હત્યાનો આરોપી ઠરાવવામાં આવેલ છે. મુવી અમુધાવેલ પોતાની પ્રેમીકા, મીનુ કટ્ટી સાથે લગ્ન કરવા ભારત પાછો ફરે છે ત્યાંથી શરૂ થાય છે પણ તે થામ્બાની હત્યાના કાવતરામાં સપડાઈ જાય છે. જ્યારે એનું નામ શંકાસ્પદ તરીકે એટલા માટે આવે છે કે તેના પરીવારની થામ્બા સાથેનો ખરડાયેલો ઈતીહાસ છે. હવે અમુધાવેલ પર આ નિર્ભર કરે છે કે તેનું નામ સ્વચ્છ નીકળે અને વાસ્તવીક હત્યારો ન્યાય હેઠળ લાવવામાં આવે.અમુધાવેલના ભાઈ તેનો મીત્ર સમ્માન્ધમ અને થામ્બાએ જોજે ચૂંટણીમાં હરાવ્યાં હતા તે તેના ભુતપુર્વ એમએલએના પિતા ક્રુર અને નિર્દય ઈન્સ્પેકટર શ્રવન્ના વાદીવેલ અથવા વર્ષો સુધી થામ્બાએ હાની પહોંચાડેલ હોય તેવાં ઘણા લોકો સહીત થામ્બાના મૃત્યુથી ઘણાં લોકોને ફાયદો હોવા તેવા સુચિ લાંબી છેનો સમાવેશ થાય છે. પોતાની જગ્યા પર અદ્ધર રાખનાર થ્રિલર ખેલ પાવર કા કુતુહલ પુર્ણ રહસ્ય અને અનપેક્ષીત વળાંકો તથા ઘુમાવો દર્શકોનું ધ્યાન ખેંચી રાખનાર હશે પછી ભલે શંકાસ્પદ છેક છેલ્લે છતો થાય છે !

## સ્ટ્રેસફુલ ઘટનાઓને કારણે મહિલાઓમાં મેદસ્વિતા આવી શકે છે

વ્યકિતને ચિંતા, તનાવ કે આઘાતજનક ઘટનાઓનો સામનો કરવો પડે તો એનાથી પણ શારીરિક સ્વાસ્થ્ય પર અસર થાય છે. કેલિફોર્નિયામાં મળેલી અમેરિકન હાર્ટ એસોસિએશનની સાયન્ટિફિક સેશન્સ ૨૦૧૭માં નોંધાયું છે કે જે મહિલાઓ જીવનમાં ઓછા સમયમાં વધુ પડતી સ્ટ્રેસફુલ સ્થિતિમાં મુકાઇ હોય તેમનું વજન વધી જાય એવી સંભાવના ૩૬ ટકા જેટલી વધુ હોય છે. સ્ત્રીઓમાં સામાન્ય રીતે તાણગ્રસ્ત સ્થિતિને કારણે સ્ટ્રેસ હોર્મોન્સ વધુ માત્રામાં ઝરે છે. એની હાજરીને કારણે ચયાપચયની ક્ષમતા ખોરવાય છે.

સેન ડીએગોની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના રિસર્ચરોએ તારવ્યું છે કે સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું પ્રોડકશન ખુબ જ વધી જાય છે એને કારણે વ્યકિત કાં તો ખુબ વધુ ખાય છે કાં સાવ ખાવાનુ ઘટાડી દે છે. સ્ટ્રેસને કારણે જે સ્ત્રીઓનું ખાવાનું ઘટી જાય છે તેમને પણ વજન વધવાની સમસ્યા થઇ જાય છે. કેમ કે ચયાપચની ક્રિયા ખોરવાઇ જાય છે. જીવનમાં મુશ્કેલીઓ, આઘાત, દુઃખ, તાણભરી સ્થિતિ પેદા થાય છે ત્યારે ઓબેસિટી ઉપરાંત સ્ત્રીઓમાં હાર્ટ-અટેક, સ્ટ્રોક, ડાયાબિટીઝ, કેન્સર જેવા રોગો થવાની સંભાવના પણ વધે છે.

# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...




### પાણી પુરી

**સામગ્રી** - બારીક રવો ૨૦૦ ગ્રામ, મેંદો ૫૦ ગ્રામ, મોણ માટે રિફાઈંડ ઓઈલ ૨ નાની ચમચી, મીઠુ ૧/૨ નાની ચમચી. લોટ બાંધવા માટે સોડા વોટર અને ગોલગપ્પા (પાણીપુરી) તળવા માટે તેલ.

ખાટ્ટા પાણીની સામગ્રી - બીજ વગરની અમલી ૫૦ ગ્રામ, ફુદીનાના પાન ૧/૨ કપ, હિંગ પાવડર ચપટી, ગોળ ૨૦ ગ્રામ, નવસાર ૫ ગ્રામ કાળા મરચુ ૧૦-૧૨ દાણા. લીલા ધાણા ૧/૨ કપ, લીલા મરચા ૨. સંચળ અને સાદુ મીઠુ સ્વાદ મુજબ . પાણી એક લીટર. અન્ય સામગ્રી - બાફેલા બટાકા ૧ કપ. બાફેલા ચણા ૧ કપ લીલી ચટણી અને સૂંઠ

**બનાવવાની રીત** - રવામાં મેંદો મીઠુ અને મોણ નાખીને સોડા વોટરથી લોટ બાંધી લો. એક કલાક માટે મેદો ઢાંકીને મુકી દો. મોટી મોટી પાતળી રોટલી બનાવો અને કોઈ ઢાંકણાથી ગોળ ગોળ કાપી લો. ગરમ તેલમાં તળીને કાઢી લો. તેને કોઈ થાળીમાં મુકો જેથી ફુટે નહી. ખાટુ પાણી બનાવવા માટે એક કપ ઉકાળેલા પાણીમાં આમલી પલાળો અને એક કલાક માટે મુકી દો. ફુદીનાના પાન, લીલા ધાણા, મીઠુ, હિંગ, જીરુ, કાળા મરી, નવસાર વગેરે બધી વસ્તુઓને મિક્સરમાં વાટીને ૧ લીટર પાણીમાં મિક્સ કરો. આમલીનું પાણી ગાળીને ફુદીનાના મિશ્રણમાં મિક્સ કરો અને ફરીથી ગાળી લો. થોડો બરફ પણ જલજીરામાં નાખી દો. જમતી વખતે ગોલગપ્પા(પુરી)માં અંગૂઠા વડે કાણું પાડીને ચણા ભરો, ઉપરથી ખાટુ પાણી ભરીને ખાવો અને ખવડાવો.



# પતિનું દિલ જીતવાની કળા

**નારી ચેતના**

પ્રેમ, આત્મિયતા, સંભાળ, મીઠી મધુરીવાતો અને સહકારથી કોઈનું પણ દિલ જીતી શકાય છે. જ્યારે વાત પોતાના ખાસ માણસની આવે છે તો મામલો નાજુક થઈ જાય છે. તેથી તેને જીતવાની કળા પણ ખાસ હોવી જોઈએ

પ્રેમ, આત્મીયતા, સંભાળ, મીઠી મધુરીવાતો અને સહકારથી કોઈનું પણ દિલ જીતી શકાય છે. જ્યારે વાત પોતાના ખાસ માણસની આવે છે તો મામલો નાજુક થઈ જાય છે. તેથી તેને જીતવાની કળા પણ ખાસ હોવી જોઈએ. સૌથી પહેલા પુરૂષેની વાતચીતની પસંદ-નાપસંદને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. પતિદેવ ઘરમાં હોય કે બહાર, ફોન પર હોય કે વોટ્સ એપ પર, પ્રેમના બે મીઠામધુર બોલ અવશ્ય બોલવા જોઈએ. તેનાથી સંબંધોમાં વસંત ખીલી છે. દિવસ તાજોમાજો થઈ જાય છે અને સાંજ ક્યારે પડી જાય છે તેની ખબર જ રહેતી નથી ! સવારની ગરમા-ગરમ મસાલેદાર ચા પીતાં પીતાં દિવસના પ્લાનની વાતો થઈ શકે છે. જો તમે નોકરી કરતાં હોવ તો બાઈક પાછળ બેસીને ઓફિસ જઈ શકો છો. તમે અર્ધાંગિની એટલે બાઈકની પાછલી સીટ પર તમારો હક કહેવાય !

પતિદેવ બહાર જતાં હોય ત્યારે ક્યાં જાવ છો? શાથી જાવ છો? શું કામે જાવ છો ? વગેરે સવાલો પૂછવા નહિ. કદાચને પતિદેવને માઠું લાગી જાય ! જો તમારી બંને વચ્ચે કોઈ સમસ્યા હોય તો વિશ્વાસુ વડીલની સલાહ લેવી જોઈએ. પતિ મહાશય સાંજે પાછા ફરે ત્યારે મીઠી મધુરી મુશ્કાનથી તેમને ''વેલકમ''કરવા જોઈએ. અડધો થાક તો આમ ઉતરી જશે બાકીનો અડધો થાક તમારા હાથની ગરમાગરમ ચાથી અવશ્ય ઉતરી જશે ! દરેક વ્યક્તિને માન-સન્માન આપો. તેથી સંબંધોમાં મીઠાશનો ઉમેરો થાય છે. સંબંધો વધુ સુદૃઢ બને છે. પાયો મજબુત હશે તો ઈમારત ઊંચાઈ લઈ શકાશે. તેથી પાયાને મજબૂત કરવા પર ધ્યાન આપવું જોઈએ. આને માટે લગ્નજીવનના પ્રારંભના બે વર્ષ પૂરતા થઈ પડશે. લગ્ન કે પાર્ટીમાં જવાનું થાય ત્યારે ''એવાએ'' શું પહેરશે, કઈ ઘડિયાળ, બૂટ, વસ્ત્રો અને ટાઈ વગેરે નાની નાની બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

એવું કહેવાય છે કે પતિનું દિલ જીતવાનો સરળ માર્ગ તેમની મનપસંદ વાનગી બનાવીને તેમના દિલની રાણી બનવાનું અહોભાગ્ય ચૂકશો નહિ. બધા પતિ તેમની માતાને પ્રેમ કરતાં જ હોય છે. તેમની માતાએ જમાડેલી સ્વાદિષ્ટ વાનગીઓનો ચટાકો તમારી બનાવેલી વાનગીઓમાં આવશે તો નક્કી તમે તેમના દિલમાં નિશ્ચિત સ્થાન જમાવી શકશો. અમુકવાર એવું પણ બને કે તેમનો મૂડ બરાબર ન હોય ત્યારે વારંવાર સવાલો પૂછીને કે ડિસ્ટર્બ કરીને પરેશાન ન કરશો. આવા સમયે થોડા એકલા છોડવાથી અને વિશ્રામ આપવાથી મૂડ પાછો આવી શકે. ઓફિસના કામકાજ માટે બહાર જવાનું થાય ત્યારે અગાઉથી તેમની બેગ તૈયાર કરી રાખો. સસ્મિત વિદાય આપવાથી સફળતાના ૫૦ ટકા ચાન્સિસ વધી જાય છે ! સાડી, ડ્રેસ, ટોપ-જીન્સ વગેરે અલગ અલગ પહેરીને બહાર ફરવા જઈ શકો છો અને સારી રેસ્ટોરેન્ટમાં ડિનર પણ લઈ શકો છો. પતિને ક્રિકેટનો શોખ હોય તો તમે પણ તેમની પાસે બેસીને ટીવી પર જીવંત મેચનું પ્રસારણ જોવામાં તેમને સહકાર આપી શકો છો. ક્રિકેટના ન સમજાતાં નિયમો તેમની પાસેથી શીખવા પ્રયત્ન કરો અને રસ લો.


અનુસંધાન પાના નં.૬ પર


# બન્નેમાંથી કોનું કહ્યું બાળકો કેમ માને છે ?

**બાળ ઉછેર**

ઘણીવાર એવું બને છે કે બાળકો પેરેન્ટ્સ એટલે કે મા-બાપમાંથી કોઈ એકનું જ સાંભળે છે. તમને પણ આવી ફરિયાદ હોઈ શકે છે કે તમારા બાળકો પોતાના પિતાનું માને છે અથવા તો પછી એની ઊલટી ફરિયાદ તમારા પતિની હોઈ શકે છે. બાળકો તમારૂં કે તમારા પતિમાંથી કોઈ એકનું માને છે તો એનો મતલબ એ નથી, એ ખરાબ પેરેન્ટ-મા-બાપ છે. અસલમાં બાળકોના આ વ્યવહારની પાછળ કોઈક કારણ હોય છે.

**બન્નેમાંથી એકસાથે મેળ ખાતો સ્વભાવ :**

બાળકો અને મા-બાપના સ્વભાવમાંથી જેનો સ્વભાવ એકબીજા સાથે જેટલો મળતો આવતો હશે,બાળકો એનું જ માનશે. જો તમારૂં બાળક એકદમ તન્દુરસ્ત અને શક્તિશાળી હશે તો બાળક સ્વભાવિક રૂપે એ જ પેરન્ટની સાંભળશે, જે એની સાથે દોડી શકે,ખૂબ રમે, પાર્કમાં લઈ જાય. બાળક એ પેરેન્ટને પસંદ નહીં કરે જે એને નહીં ગમતી રમત રમાડવાની કોશિશ કરશે. બાળકના વ્યવહાર અને સ્વભાવનો સમજીને તમે એ પ્રમાણે ચાલો. એનાથી બાળક બીજા પેરન્ટની વાત સાંભળવા-સમજવા અને માનવા લાગશે.

**એક પેરન્ટ બહુ જ બોલ-બોલ કરે તો :**

જે પેરન્ટ વધારે વાત કરે છે, એની વાત ઓછી માનવામાં આવે છે. સતત બાળકોને અમુક વસ્તુઓનું કહેતા રહેવુ, જેમ કે બેસ,બેસ, ટેબલ ન વગાડ ,ચૂપ બેસ...થી બાળકો તમારૂં સાંભળવાનું જ છોડી દે છે. જે પેરન્ટ બાળકો સાથે ત્યારે જ બોલે છે, જ્યારે બોલવાનું જરૂરી હોય છે તો બાળકો એની વાત પર ધ્યાન આપે છે અને એનું કહેવું પણ માને છે. તમારે બાળકોની પ્રવૃત્તિમાં સમય વિતાાવવો જોઈએ, એ દરમિયાન એની સાથે ઘણી બધી વાતો કરવી જોઈએ.

**બાળકો સાથેનું નરમાશભર્યું વર્તન :**

બાળકોને કહેવા માટેની ઘણી બધી રીતો હોય છે. એક પેરન્ટ બાળકને સીધું કહી નાખે છે, અને બીજો પેરેન્ટ એ જ વાતને બહુ નમ્રતાથી કહે છે. બોલવાની ભાષા પણ આમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. નમ્રતાભર્યો વ્યવહાર કરવાથી ઘણો ફરક પડે છે.

બાળક કોઈ એક પેરન્ટની નજીક હોય છે : અસલમાં બાળક તમારા વિશે શું અનુભવે છે, એમાં એક મોટો રોલ એની પસંદ-નાપસંદનો પણ હોય છે કે એ તમારા નીતિ-નિયમોને માનશે કે નહીં. આ કંઈક એવું છે,

જેમ કે ઓફિસમાં બોસ સારો છે તો તમે એની વાત માનો છો

અને મન લગાવીને કામ કરો છો એ જ રીતે બાળક એ જ પેરન્ટ પ્રત્યે સારો વ્યવહાર કરશે, જે એને આદરને પાત્ર લાગશે. એટલે બાળક સાથે ફક્ત વધારે સમય વિતાવવો જરૂરી નથી, જરૂરી એ છે કે તમે સારો સમય વિતાવો.


**લેખિકા : કુમારી અંજના સોનકર**


## રસથાળ

### ઓવન વગર બનાવો નાનખટાઈ

નાનખટાઈ પારસી ખાવાનો ભાગ છે જેને મોટાભાગના લોકો સ્નૈક્સમાં ખાવુ પસંદ કરે છે. કુકીઝને આમ ઓવનમાં જ બનાવવામાં આવે છે. પણ તમે તેને ઓવન વગર પણ બનાવી શકો છો.

જરૂરી સામગ્રી - ૧ કપ બેસન, અડધો કપ ખાંડ દળેલી ખાંડ, અડધો કપ દેશી ઘી, અડધી નાની ચમચી બેકિંગ પાવડર, ૧ ચમચી નાની ઈલાયચી પાવડર, ૪-૫ પિસ્તા પાતળા ટુકડામાં કપાયેલા.

ટિપ્સ - સૌ પહેલા એક બાઉલમાં બેસન અને ખાંડને મિક્સ કરી લો પછી તેમા બેકિંગ પાવડર અને નાની ઈલાયચી પાવડર નાખીને સારી રીતે મિક્સ કરો.

- ૨ ચમચી ઘી ને જુદુ કરી લો અને બાકીને બેસન નાખીને સારી રીતે હલાવતા નરમ લોટ બાંધી લો.
- ભારે તળિયાવાળા તવા કે નૉન સ્ટિક પેનને ગેસ પર મુકો અને ૪૦૦ ગામ મીઠુ નાખીને પેનમાં એક જેવુ ફેલાવી લો.
- હવે તેમા વચ્ચે એક જાળી સ્ટેંડ મુકો જેના પર નાનખટાઈની પ્લેટ મુકીશુ હવે વાસણને ઢાંકીને ધીમા તાપ પર ગરમ થવા દો.
- એક પ્લેટમાં ઘી નાખીને ચારે બાજુ ફેલાવી ચિકણી કરી લો.
- નાનખટાઈના લોટને લૂઆના શેપમાં કાપી લો અને તેની નાની નાની કુકીઝ બનાવી લો. તેના પર બદામ પિસ્તાની કતરન લગાવો.
- આ રીતે બધી નાનખટાઈ બનાવીને ટ્રેમા થોડા થોડા અંતરે મુકતા જાવ.
- ટ્રે કે પ્લેટ ભરાય જાય કે જે વાસણ ગેસ પર ગરમ થઈ ગયુ છે તેમા જાલી સ્ટેંડ ઉપર મુકી સારી રીતે ઢાંકી દો.
- ધીમા તાપ પર ૧૫ મિનિટ સુધી બેક થવા દો અને વચ્ચે ચેક કરતા રહો.
- કુકીજ જયારે સારી રીતે ફુલી જાય અને હળવી બ્રાઉન થઈ જાય તો તાપ પરથી ઉતારીદો.
- જો તે બિલકુલ પણ નીચેની તરફથી બ્રાઉન ન થયા હોય તો તેને ૫ મિનિટ માટે ધીમા ગેસ પર વધુ બેક થવા માટે મુકી દો. - નાનખટાઈ એકદમ ઠંડી થયા પછી એયર ટાઈટ કંટેનરમાં ભરીને રાખી લો. **નોંધ** - યાદ રાખો કે નાનખટાઈ બેસન દ્વારા, બેસન અને મેદા દ્વારા, બેસન અને રવા દ્વારા, મેદો અને રવો મિક્સ કરીને કે પછી ફક્ત બેસનથી પણ બનાવી શકાય છે.

# જીંદગીના બે આઘાત

**આગ ભીતર ભીતરની**


રેણુ વિષ્ણુકુમાર બારોટ


આઠ વર્ષની હતી શનિવારની એક બપોરે મારી મમ્મી સવારના કપડાં ધોયેલા કામના ભારણને લીધે સુકાવાના બાકી હતાં. પ્લાસ્ટીકની ડોલમાં પડયાં હતાં. તારવેલાં હતાં, મેં મારી મમ્મીને બેથી ત્રણ વાર કહ્યું મમ્મી હું છાપરે જઈને સુકાવી આવું ? ના બેટા તું પડી જઈશ.. હમણાં અડદની દાળનો વઘાર કરીને જાઉંછું...મમ્મીએ કહેલુ.

એ પછીનો સમય થયેલો દાળ વઘારી ઉકાળીને તૈયાર થઈ ગયેલી. મમ્મીએ કહેલું દિના.. હું હમણાં ઉપર કપડાં સુકવીને આવું પછી તને જમવાનું આપું છું.

ભલે પણ તારી સામે બેસીનેખાઈશ.. મેં કહ્યું હતું એ પછી મારી મમ્મીએ પગમાં સ્લીપર પહેરી હતી. ડોલ લઈને ઉપર ચઢી હતી. મારી મમ્મીનો કાયમ શરદીવાળો કોઠો હતો. ઘરમાં પણ સ્લીપર પહેરી રાખતી. એ ગઈ.. છાપરા પર.. એ કપડાને છટકોરતી હોવાનો અવાજ આવતો હતો.. ત્યાં તો ધબાધબીનો અવાજ આવ્યો.. કોઈ પડયું હોય એવો અવાજ.. વાસ્તવમાં મારી મમ્મી પડી ગઈ હતી છાપરા પર. ગમે તે કારણસર એનો પગ ભરાઈ ગયો કે શું ? ઉપર છેકથી પડી. પહેલાં લાકડાની સીડીએ અથડાઈ પછી બારણે અને આખરમાં ઘરના ચોકમાં પડી. એનું કપાળ ફુટી ગયું. લોહી નીકળી આવ્યું..મમ્મી કહીને હું વળગી પડી. પણ મારી મમ્મીને માથામાં અતિ ગંભીર ઈજા થઈ ગઈ હોય એ મૃત્યુ પામી ગઈ હતી. મારા કલ્પાંતથી અને મમ્મીના પડવાના ધબાધબ અવાજથી આસપાસના લોકો આવી ગયા હતા. દોડધામ મચી ગઈ દવાખાને લઈ જાવ.. પણ એક જણાએ મારી મમ્મીના હાથની નસ પકડી.. નસ ધબકતી બંધ થઈ ગઈ હતી. તો બીજા એ મમ્મીના નાક પર આંગળી મુકી તો શ્વાસ બંધ થઈ ગયો હતો.

મમ્મી મરી ગઈ હતી. પપ્પાને ઓફિસમાં સમાચાર પહોંચાડયા. રઘવાયા થતનાં આવ્યા, વિગત જાણી ભાંગી પડયા.. હું કયાંય સુધી રડી મમ્મી મરી ગઈ હતી. .એને સાંજ સુધીમાં કાઢી નાખવાની હતી. રાત્રે મડદું ઘરમાં ના રખાય.

સાંજે સાડા પાંચ વાગે મારી મમ્મીની નનામી ઉઠી.. ઘણા રોઈ પડયા.. મારા પપ્પાના આંખના આંસુ અટકયા ન હતા. માસીએ મારો હાથ પકડી રાખ્યો હતો. ઘડી ઘડીકહેતી દીના બેટા રડ નહીં હું છું.. દીના બેટા રડ નહીં હું છું..

શુક્રવારે તો મારીમા જીવતી હતી શનિવારે ભોજન માટે અડદની દાળ બનાવી હતી અને ભોજન પહેલાં જ પ્રભુના ધામમાં પહોંચી ગઈ હતી. એ ગાયને પીવડાવી દીધી. મમ્મી નામનો એક છાંયડો જીંદગીમાં હતો. એ શનિવારે સ્મશાનમાં ધુમાડો થઈને વેરવિખેર થઈ ગયો. જીંદગી એના માર્ગ પર ગમે ત્યારે રસ્તો બદલી નાખે છે એ હું સમજી શકી ન હતી. મારા પપ્પા સમજી ગયા હતા. સ્મશાને આવ્યા પછી પણ મારા પપ્પા આખી રાત રોતા રહ્યા. મમ્મીને યાદ કરીને મેં.. પહેલી વાર મારા પપ્પાને આમ ભરચક આંખે રડતાં જોયાં.

સમયની પાંખો મમ્મીની યાદ કરતી કરતી મોટી થતી ગઈ. પપ્પા કયાંક લોજમાંથી ટીફીન મંગાવતા. કયાંક માસી આવીને ચાર છ દિવસ પુરીઓ, થેપલા બનાવી જતી. હું કચરો વાળતી, વાસણ ઉડકતી, દુધ લઈ આવતી. એટલું કામ કરતી પણ મમ્મી આંખમાંથી હૈયામાંથી કેમેય કરીને જતી ન હતી.

એક દિવસ પપ્પા મને માસીને ઘેર મુકી આવ્યા. પોતે નવા કપડાં પહેરીને બહારગામ ગયા. માસીના ઘેરથી છ દિવસ પછી પાછીઆવી ઘરમાં કોઈ નવી સ્ત્રી આવી હતી મને સમજતાં વાર ના લાગી. એ મારી નવી મા હતી. મમ્મી હતી, રાત્રે પપ્પાએ આવીને મને કહ્યું, આજથી તારી આ નવી મમ્મી સુમિત્રા છે. એ તારામાં ભળી જશે.. તું એનામાં ભળી જજે.. પપ્પાના શબ્દો હતાં. પણ મને એમના શબ્દોની પરવા ન હતી. હું તો ન જાણે કશીક ચીડ સાથે મારા રૂમનાં સોફા પર સુઈ ગઈ હતી. અડધી ઉંઘ થતાં જાગી ગયેલી ત્યારે મેં સાંભળ્યું હતું નવી મમ્મી સુમિત્રા કહેતીહતી. તમે મને ગભરાવશો નહીં, અને મારી કરીને રહીશ.. જરાય ઓછું આવવા નહીં દઉં..શબ્દો કાને પડી ગયા હતા અને મોં મચકોડીને બીજું પડખું ફેરવીને સુઈ ગઈ હતી. એ પછી બારણું ખોલવાનો અવાજ આવતાં સુઈ જવાનું નાટક કર્યું હતું ત્યારે નવી મમ્મીએ આવીને સોફા પર એક તરફ ગબડી પડેલો મારે પગ ઠીક કરી..મારી પર શાલ ઓઢાડી મારે માથે હાથ ફેરવ્યો હતો ત્યારે જાગતી પડી રહેલી અને હાથને હડસેલો મારવાની ઈચ્છા થઈ આવી હતી. પણ મન પર કાબુ રાખ્યો હતો.

જીંદગી હતી..મારી નવી મમ્મી સુમિત્રા બધીયે રીતે મને સાચવતી.. સ્કૂલ જતી હોઉં ત્યારે મારા બુટ લઈને આવતી પહેરાવવા જતી હું કહેતી હું પહેરી લઈશ મારી જાતે.. પણ એ માનતી નહીં મોજા પહેરાવી બુટ પહેરાવી પોતાના સાડીના ભાગથી લુછી આપતી. સ્કૂલે જતી હોઉં ત્યારે મારા માથે હાથ ફેરવી.. કપાળે ચુમી ભરતી. એક વાકય તો રોજ કહેતી.. સ્કૂલેથી સીધી આવી જજે.. રવિવારની રજા હોય ત્યારે મારૂં માથું ચોળી આપતી.. સુકાયેલા વાળમાં ધુપેલ નાખી આપતી. મારી પસંદગીનાં કપડાં લાવતા પહેલા પુછતી. જમવાનું બનાવતી.. મારા નાસ્તાના બોકસમાં ભરતી. .હું લેસન કરતી હોઉં ત્યારે પાસે બેસતી મારૂં હોમવર્ક જોતી.. કયાંક જાય તો સાથે લઈ જતી..

મારા પપ્પા મને ઘણીવાર કહેતા આ તારી મમ્મી તારી અસલ માં જેવી તો છે ને !

પપ્પાના સવાલ સામે હું રડી પડતી. અને એ મને એની બાથમાં લેતી.. મને કહેતી દિના ભુલી જા અને બસ હવે હું તારી મા છું દિકરા.. એમના એટલા પ્રયાસો છતાંય મારામાં એમનો પ્રત્યે કશીક કડવાશ, ખારાશ હતી હું એમને મમ્મી માનવા તૈયાર ન હતી.. ગમે તે અજ્ઞાત ભય મને હચમચાવી દેતો.. અત્યારે આ બધાં નાટક કરે છે પણ ખુદનુંસંતાન થશે એટલે.. પણ એ ઘડી ના આવી.. જીંદગીનું સમીકરણ બદલાઈ ગયું


અનુસંધાન પાના નં.૬ ઉપર


## જેને વાડમાં નથી રહેવું પણ 'વાડા' કુદાવી વિશાળ જનસમુદાયમાં એકરસ થવું તેવી ફાતિમાની હૃદયસ્પર્શી કથા

એક સર્જકની માઈન્ડ વર્કશોપ તો કયારેય બંધ થતી નથી. કયાંક જોયેલું, કયાંક સાંભળેલું કયારેક મનમાં ઉગી નીકળેલું એમ બધી બાજુથી તેના મનમાં હથોડાઓ ટીપાયા કરતા હોય છે અને ઘાટ ઘડાતા હોય છે. એમાંથી કયારેય સંઘેડા ઉતાર કૃતિ નિપજી આવે તો વળી કોઈપણ કાચાપાકા, આકારોના ટુકડાઓ મનની ભીતર પડયા પછી કોઈ નવી કૃતિ રચાતી હોય ત્યારે આપોઆપ તે પ્રગટતા રહે, અને તેના નવા સર્જનમાં ગોઠવાતા રહે.

એવું જ કંઈક વાડ નામે ઈલા આરબ મહેતાની નવલકથામાંથી પસાર થતાં લાગ્યા વિના રહેતું નથી. કારણ કે લગભગ ૨૮૫ પાનાંની આ નવલકથામાં લેખીકાએ જે વાત રજુ કરી છે તે સાંપ્રત બનાવો, ઈતિહાસના પુસ્તકો દ્વારા પ્રાપ્ત માહીતીઓના વાંચન અને એક ચોક્કસ વર્ગ પ્રત્યેનું વલણ વિગેરેથી પ્રભાવીત લેખીકાના મનમાં પડી રહેલ વ્યથાને વિતક રૂપે લેખીકાએ પોતાના વ્યથિત દીલની વાત પહેલાં તો છેલ્લો શોટ નામે ટુંકી વાર્તા લખીને કહેવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેનાથી તેમને સંતોષ ન થતાં વિશેષ કંઈક લોકો સુધી પહોંચાડવાની એક સર્જક પ્યાસ હતી. તેના પરિણામ સ્વરૂપ બસો અઢીસો પાનાનાં વ્યાપમાં વિસ્તારથી વાત કરવા માટે નવલકથાનું સાહિત્ય સ્વરૂપ તેમણે પ્રગટ કર્યું.આ નવલકથા લખવા માટે તેમની સામે થોડા પડકારો જરૂર હતા. જોકે કોઈપણ ધર્મની નીંદા, હાંસી કે ખામીઓ લખવાનો તો સવાલ જ ન હતો. પણ પડકાર હતો. સ્થળ, કાળ અને પાત્રોનો. આ કથા ફાતિમાની કઈ ફાતીમી ? શિયા કે સુન્ની ? દાઉદી કે આગાખાની ? સંપ્રદાયોનો ઉલ્લેખ કહે તો કથા વાદવિવાદમાં ફસાઈ જાય તેથી ફાતીમાને ફાતીમા જ રાખી છે ? કયું સ્થળ ચોક્કસ સ્થળ અને કાળનો ઉલ્લેખ નવલકથામાં આવશ્યક છે. સમય ? કયો સમય ? તલવારની ધાર જેવો પ્રશ્ન ? ગોધરાકાંડ પહેલાનો કે પછીનો ? ફરી એ જ નિર્ણય, લેખીકાને વાત બે ઘટનાઓની નથી કરવી તેનો તો કંઈક જુદું કહેવું છે. તેવું જ શહેરની બાબતમાં પણ છે. કયાં શહેરમાં આવું બન્યું ? કયો બિલ્ડર ?

લેખીકાને નવલકથા લખવા માટે જે ઝબકાર, જે તણખો જોઈતો હોય તો શરીફા વીજળીવાળાના એક લેખમાંથી મળી ગયો જેમાં વિશાળ સમૃદ્ધ શહેરમાં એક સીંગલ મુસ્લીમ સ્ત્રી પર શોધવાની મથામણ કરે છે..

કોઈપણ સ્થળ કે કાળનો ઉલ્લેખ જરૂરી હતો તેમની સામે વાર્તાનું મુખ્ય પાત્ર ફાતીમા હતી. તે સુશિક્ષિત, સ્વમાની, મજહબના સાચા મર્મને પીછાણનારી, જેના એક હાથમાં પવિત્ર કુરાન હતું. અને બીજા હાથમાં જે ધરતી પર જીવી રહી છે તેમાં અન્ય ધર્મગ્રંથો, જ્ઞાન વિજ્ઞાનનાં પ્રેમ અને શાંતિના પયગામ આપતાં પુસ્તકોનો વારસો હતો. તે વિવિધ કર્મો, વિવિધ ભાષાઓ

**શબ્દ સમીપે**


- નટવર હેડાઉ



અનુસંધાન પાના નં.૬ પર


# કેવી રીતે કરાવીએ બાળકોના હોમવર્કને ?

**નારી**

નાના બાળકો શાળામાં ભણી લે છે પણ ઘર પર હોમવર્ક કરવા માં માટે ખૂબ મુશકિલ થઈ જાય છે. તેણે આ સમઝમાં નથી આવતું કે તે ઘર પર બાળકોમે હોમવર્ક કેવી રીતે કરાવીએ.

**રમતા-રમતામાં ભણતર**

બાળકોને રમત ખોબ પસંદ હોય છે અને કોઈ પણ વસ્તુ રમતા-રમતા સીખી જાય છે. એ , બી, સી શીખવવી હોય કે પછી ૧, ૨, ૩ શીખાવવો છે. તેણે આકૃતિયોની મદદથી શીખડાવો અને ક્યારે લાઈનના માધ્યમ અને તેણે ઘુમાવને રોચક તરીકેથી બનાવી દેખાડૉ તેને પણ આમ જ બનાવવાને કહો. એના માટે વર્ક બુકસ પર પણ પ્રેકટિસ કરાવો.

**રોચક બનાવું**

ભણતરને રોચક બનાવવાના પ્રયાસ કરો. ઉદાહરણના રીતે પર જો તમે તેને બટરફલાઈને લાઈફ સાઈકિલના વિશેમાં ભણાવી રહી છે , તો તેના માટે કમાત્ર ટેક્સટ બુક પર નિર્ભર ના રહો ,યૂ ટ્યૂબ પર આથી સંકળાયેલી આકર્ષક વીડિયોજ તેને દેખાડો કે પછી આથી સંબંધિત અને વધારે જાણકારીઓને એકત્રિત કરીને ચાર્ટ બનાવી તેના આધારે બાળકોને તેના વિશે નાની-નાની જાણકારી આપતા ભણાવો.

**ડ્રાઈંગ કરાવો**

બાળકોને દરરોજ ડ્રાઈંગ કરાવો તેથી જયાં તેણે પેંસિલ પકડવા આવશે ત્યાં જ કલરિંગ કરવાથી તેમાં એકાગ્રતા પણ આવશે. ફ્રુટસ અંને એનિમલ વગેરેની આકૃતિયોમાં કલર કરવાથી તેણે આ બધાના નામ પણ સહજતાથી યાદ થઈ જશે.

**ભણતરનો સમય નિશ્ચિત કરો**

પોતાના બાળકોની ભણતરનો ટાઈમ નિશ્ચિત કરિ તેને ભણતર માટે જરૂર ભણાવો. ચાહે તેને શાળાથી હોમવર્ક મળ્યું હોય કે નહી એના માટે પૂરી તૈયારી કરાવો જેથી બાળકોને દરેક સમયે કોઈ નવું શીખડાવવાનો અવસર મળે.

**વર્ક શીટ બનાવો**

બાળકો માટે જુદ-જુદા રંગના વર્કશીટ બનાવો. એ હાથથી બનાવો કે નેટ થી પ્રિંટ પણ કાઢી શકો છો. જેના પર બાળકોથી ટેસ્ટ લો જથી એ ક્લાસ ટેસ્ટથી ધરાય નહી.

# આ ફેસ્ટિવલ સીઝનમાં પાતળા વાળ પર ટ્રાય કરો આ હેર સ્ટાઇલ

**રૂપના રખોપા**

ફેસ્ટિવ સીઝનમાં વાળને સ્ટાઈલ કરવા સૌથી મોટી મુસીબત છે. લાંબા અને ઘટ્ટ વાળમાં તો કોઈ પણ હેર સ્ટાઈલ બની જાય છે, પણ પાતળા વાળમાં શ્રેષ્ઠ હેર સ્ટાઈલ બનાવવામાં ઘણો સમય અને મહેનત લાગે છે

આજે અમે આપને પાતળા વાળ માટે બેસ્ટ હેર સ્ટાઈલ બતાવવા જઈ રહ્યાં છીએ. આ હેર સ્ટાઈલ બનાવવામાં આપને બહુ વધારે સમય પણ નહીં લાગે અને વધુ મહેનત પણ નહીં કરવી પડે. પોતાના ચહેરાનાં આકાર મુજબ આપ આમાંથી કોઈ પણ હેર સ્ટાઈલ ચૂંટી શકો છો. આ ફેસ્ટિવ સીઝનમાં પોતાની મનગમતી હેર સ્ટાઈલ પસંદ કરો.

વન સાઈડ પ્લેટ આ હેર સ્ટાઈલ બનાવવી ખૂબ આસાન છે. તેના માટે આપને બસ સ્ક્રંચી અને બોબી પિન્સની જરુર પડશે. વન સાઈડ પ્લેટને પોતાની સાડીનાં પાલવ કે દુપટ્ટા તરફ રાખો. આપ વન સાઈડ પ્લેટને પર્લ બોલ્સ અને ફૂલોથી શણગારી શકો છો. હાઈ પોનિટેલ : હાઈ પોનિટેલથી ચહેરો અને પાછળનો લુક જ બદલાઈ જાય છે અને વાળ પણ લાંબા લાગે છે. બેસથી પોનીટેલને ફિક્સ કરો અને સારી રીતે કાંસ્કી કરો કે જેથી પોનિટેલ ખરાબ ન દેખાય. વાળને કર્લ કરો : હળવા વાળ પર કર્લ કરવું પણસારો આઈડિયા છે. કર્લ કર્યા બાદ વાળ ભારે લાગે છે. કર્લ વાળને આપ ઈચ્છો તો ખુલ્લા મૂકી શકો છો કે પછી બાંધી પણ શકોછો. સેલૂનમાં પણ આપ વાળ કર્લ કરાવી શકો છો.

હાફ હેર બન : પોતાનાં અડધા વાળનો અંબોડો બનાવી બાકીનાં વાળ ખુલ્લા પણ છોડી શકો છો. આ હાફ બન હેર સ્ટાઈલ બનાવવી પણ ખૂબ સરળ છે. કલર કરેલા વાળમાં આ હેરસ્ટાઈલ પરફેક્ટ લાગશે. હાઈ હેર બોફેંટ : આમાં આપ થોડોક રેટ્રો લુક ટ્રાય કરી શકો છો. બેક બ્રશ ટેક્નિકથી આપ હેર બોફેંટ બનાવી શકો છો. તેનાથી વાળમાં વોલ્યુમ દેખાય છે. અંતે હેર બોફેંટમાં આપ પોનિટેલ પ્લેટ્સ બનાવી શકો છો. પિક્સી હેર કટ : જો આપનાં વાળ બહુ વધારે હળવા છે તો આપ પિક્સી હેર કટ કરાવડાવો. આ હેરકટ ઈન્ડિયન તેમજ વેસ્ટર્ન બન્ને જ આઉટફિટ પર સૂટ કરે છે. પિક્સી હેર કટ રાખવું તો બહુ સરળ હોય છે, પણ તેના માટે આપને વારંવાર સેલૂન જવાની જરુર પડે છે. સાઈડ

સ્વેપ્ટ હેરડૂ : આ હેર સ્ટાઈલ


અનુસંધાન પાના નં.૬ પર

### ડીસામાં બટાકા...

પાના નં .૧ ચાલુ

જેના લોધે ખેડૂતો વેપારીઓને તેમના ઉત્પાદન થયેલા બટાટાને સારો ભાવ મેળવવા માટે સંગ્રહિત કરવાની ફરજ પડતી હોય છે. અને બટાટાના સંગ્રહ માટે ડીસા તાલુકામાં ખૂબ જ મોટાપાયે કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરંતુ તેમ છતાં કોલ્ડ સ્ટોરેજમાં બટાટા સંગ્રહ અમુક ચોક્કસ સમયગાળા સુધી જ કરી શકાય છે. માર્ચમાં સંગ્રહિત થયેલા બટાટાના જથ્થાને મોડામાં મોડા નવેમ્બર સુધી સંગ્રહિત કરી શકાય છે. અને ત્યારબાદ કોલ્ડ સ્ટોરેજને ફરજિયાત ખાલી કરવા પડતા હોય છે.

તો બીજી તરફ બટાટાના ભાવો ન મળવાથી ખેડૂતો પણ કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરેલા તેમના બટાટા લેવા આવતા નથી. જેના લીધે ના છૂટકે કોલ્ડ સ્ટોરેજના સંચાલકોને આવા બટાટા ફેંકી દેવાની નોબત આવતી હોય છે. હાલ અનેક જગ્યાએ બટાકા જાહેરમાં ફેંકાતાં હોવાની ફરિયાદ મલી રહી છે ત્યારે ડીસાના નાયબ કલેકટર જે.બી.વદરે જાહેરમાં બટાટા ફેંકવા બદલ ડીસાના કોલ્ડ સ્ટોરેજ માલિકોને અપીલ કરવાની સાથે ચેતવણી આપતા જણાવ્યું છે કે જો આ રીતે જાહેરમાં બટાટા ફેંકવાનું ભવિષ્યમાં બંદ કરવામાં નહિ આવે તો સી.આર.પી.સી. ૧૩૩ મુજબ તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

### ડીસામાંથી બે...

પાના નં .૧ ચાલુ

ભાજપ-કોંગ્રેસના મેન્ડેટ વગરના બે ડમી ફોર્મ રદ કર્યા હતા.આ ઉપરાંત જરૂરી દસ્તાવેજો તેમજ ટેકેદારોની સહી વગરના કુલ ત્રણ ફોર્મ રદ કર્યા હતાં. જેમાં ડીસા બેઠકમાં ઠાકોર સમાજના ઉમેદવારને ટિકીટ ન મળતા ઠાકોર સમાજના અગ્રણી શંભુજી મણાજી ઠાકોરે અપક્ષ તરીકે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જોકે તેમનું ફોર્મ રદ થતાં ઠાકોર સમાજમાં નિરાશા સાંપડી હતી. હવે ગુરુવારે ફોર્મ પાછા ખેંચવાના દિવસે ડીસા બેઠકનું આખરી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

### વાવ વિધાનસભાના...

પાના નં .૧ ચાલુ

બ્રહ્મસમાજનું સમર્થન છે. જો કે આ બાબતે સમસ્ત બ.કાં. જિલ્લા બ્રહ્મસમાજના મહામંત્રી અને ઢીમાના રહીશ પ્રતિકભાઈ સેવકે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીમાં બ્રહ્મસમાજ ભાજપાની પડખે રહી અને વાવના કમળને સૌથી વધુ લીડથી ચૂંટી ગાંધીનગર વિધાનસભામાં મુકશે.

જે પ્રસંગે દિનેશભાઈ દવે (જિ.પં.પ્રમુખ બ.કાં.) અંબારામભાઈ જોષી (એટા), ભાનુભાઈ (ભાખરી), રાજા રામભાઈ, દલપતભાઈ (ભાચલી), પ્રતિકભાઈ સેવક (ઢીમા), મનુભાઈ મહેતા (માડકા), ભુરાભાઈ આસલ (ડેંડાવા), ભગવાન ભાઈ વ્યાસ(માડકા), પીરા ભાઈ ગામોટ ,પૂર્વ પ્રમુખ તા.પં.વાવ ડૉ.કિર્તિભાઈ જોષી તેમજ વિશાળ સંખ્યામાં ભૂદેવ મિત્રો હાજર રહ્યા હતા.

### પાટીદારોને અનામત...

અનુસંધાન ૨ નુ ચાલુ..

જયારે જવાહરલાલ નહેરૂએ માત્ર એક કાશ્મીર રાજય હાથમાં લીધુ, જેનો પ્રશ્ન આજદિન સુધી નથી ઉકેલાયો. સરદાર પટેલના લીધે જ આજે ભારત દેશ એક અને અખંડ છે. આવા અખંડ ભારતા શિલ્પી સરદાર પટેલને તેમના ૧૯૫૦મા મૃત્યુના ૪૧ વર્ષ બાદ કોંગ્રેસે ભારત રત્નનો ખિતાબ આપ્યો તે બહુ અપમાનજનક વાત છે. આ ૪૧ વર્ષમાં નહેરૂ ૧૮ વર્ષ, ઈન્દિરા ગાંધી ૧૬ વર્ષ અને રાજીવગાંધી પાંચ વર્ષ સત્તામાં રહ્યા તો આ ૪૦ વર્ષોમાં પણ કેમ કોંગ્રેસને સરદાર પટેલને ભારત રત્ન આપવાનું યાદ ના આવ્યું અને આજે સરદાર પટેલ અમારા અધ્યક્ષ હતા એમ કહી કોંગ્રેસ રાજકીય લાભ ખાટવાનો હીન પ્રયાસ કરી રહી છે. તેમણે રાહુલ ગાંધી પર સીધા પ્રહાર કરતાં જણાવ્યું કે, મુંબઇ હુમલાના બે વર્ષ બાદ ૨૦૧૦માં રાહુલ ગાંધીએ અમેરિકાના રાજદૂત તીમોથી રોમરને લશ્કર એ તૌયબાની સરખામણીએ હિન્દુ ટેરર એટલે કે, ભગવા આંતક વધુ પડકારરૂપ અને ખતરનાક હોવાનું જણાવ્યું હતું અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આ મામલામાં જોડવાનો હીન પ્રયાસ કર્યો હતો જે શરમજનક કૃત્ય કહી શકાય. આજે સમગ્ર વિશ્વમાં પાકિસ્તાન પ્રાયોજિત આંતકવાદ અને આઈએસઆઈએસ સૌથી મોટી પડકારરૂપ સમસ્યા છે. એ પછી ૨૦૦૯માં શર્મલ એ શેખમાં તત્કાલીન પાકિસ્તાની વડાપ્રધાન સાથેની મુલાકાત અને સંયુકત નિવેદનમાં કોંગ્રેસના તત્કાલીન વડાપ્રધાન ડો.મનમોહનસિંહે બલુચિસ્તાન માટે પાકિસ્તાનની ચિંતાને સ્વીકારી હતી, જે ઘણું દુ:ખદ છે. કોંગ્રેસે હંમેશા રાષ્ટ્રહિતને બાજુએ મૂકયુ હતું. સર્જિકલ સ્ટ્રાઈકના પુરાવા માંગનાર રાહુલ ગાંધીએ આપણા દેશના મહાન સૈનિકોની શહાદતનું અપમાન કર્યું છે. કોંગ્રેસને ઓળખી ગયેલી ગુજરાતની જનતા આ વખતે ઐતિહાસિક મતદાન કરશે.

### ભાજપ કાળા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

તેમની સરકાર લાવ્યાનો ભ્રામક પ્રચાર કરે છે. તેમણે જીએસટી મુદ્દે જાહેરમાં ચર્ચા કરવાની ખુલ્લી ચેતવણી પણ ઉચ્ચારી હતી. તેમણે ઉમેર્યું કે, નોટબંધી અને જીએસટીએ દેશના અર્થતંત્રને નષ્ટ કરી નાંખ્યું. દેશનો જીડીપી દર ઘટીને તૂટી ગયો તેમછતાં કેન્દ્ર સરકાર શા માટે ચૂપ છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહની કંપની રૂ.૫૦ હજાર કરોડમાથી રાતોરાત રૂ.૮૦ કરોડનો નફો રળતી કેવી રીતે થઇ તેનો જવાબ કેમ મોદી આપતા નથી અને વાયુસેનાના રાફેલ કૌભાંડ મામલે ખાનગી કંપનીને કોન્ટ્રાકટ આપવા મુદ્દે મોદી કેમ સ્પષ્ટતા કરતા નથી એમ કહી શર્માએ મોદીને સીધા સવાલો પૂછયા હતા. તેમણે પાકિસ્તાન સાથે વડાપ્રધાન મોદીએ કરેલા અગાઉના વાર્તાલાપને લઈને પણ સવાલો ઉઠાવ્યા હતા કે, લાહોરમાં વડાપ્રધાન કહ્યા વિના કેમ ઉતર્યા હતા, ત્યાં તેમને ગાર્ડ ઓફ ઓનર પણ અપાયું ન હતું, કોઈપણ જાહેરાત કે આયોજન વિના જ ત્યાં ભેટ-સોગાત લઇ જવાઇ હતી. આ બધી વાતો પરથી વડાપ્રધાન મોદીના મિત્ર નવાઝ શરીફના સંબંધો જાહેર થઇ ગયા હતા. પંડિત નહેરૂ વિશે આપત્તિજનક ટિપ્પણીની પ્રતિક્રિયા આપતાં આનંદશર્માએ જણાવ્યું હતું કે, નર્મદા ડેમનો શિલાન્યાસ નહેરુજીએ જ કરાવ્યો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટી બનશે એટલે કોંગ્રેસ ત્યાં જશે અને સરદાર પટેલના આશીર્વાદ લેશે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા આનંદ શર્માની સાથે કોંગ્રેસ આઈટી સેલના રાષ્ટ્રીય વડા પ્રિયંકા ચતુર્વેદી પણ હાજર રહ્યા હતા.

### કાંકરેજ તાલુકાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

હસ્તે ખારીયા ગામની પ્રાથમિક શાળા ઉપરાંત પુરગ્રસ્ત રૂની - ચણકપુર તથા આસપાસની શાળાઓના પુસ્તકાલયો માટે કીટ અપાઈ. આ પ્રસંગે વિરેન્દ્રભાઈ મામતોરા, પ્રહલાદભાઈ પ્રજાપતિ, કરણભાઈ ગજ્જર સહિત શિક્ષણવીદોએ ઉપસ્થિત રહી સહકાર આપ્યો હતો. ડો.કુલદીપ ઠક્કરે જણાવ્યું હતું કે હજુ સુરત, ડાંગની સંસ્થાઓમાંથી પુસ્તકાલય કીટ આવનાર છે જેનું આરીતે જરૂરીયાત મંદ શાળાઓને વીતરણ કરાશે.

### થરા દરબારગઢ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

મનદિપસિંહ જાડેજા, ગુલાબસિંહ પરમાર, મહીપતસિંહ પરમાર, તખતસિંહ પરમાર, જૈન અગ્રણી ત્રિલોકચંદ ધાણધારા, જીતુભાઈ શાહ, ચમનભાઈ સોની, કનુભાઈ ઠક્કર, લીલાભાઈ દેસાઈ, પ્રવિણભાઈ શાહ, કિશોરસિંહ ગોહિલ, મોટી સંખ્યામાં લોકો જોડાઈ ભવ્ય સ્વાગત કરી પધરામણી કરાવી હતી. પંડીત પ્રવિણભાઈ જોષી, બળદેવભાઈ જોષીએ નકળંગજી મહારાજનું પુજન અર્ચન કરાવી આશિર્વાદ મેળવેલ.

### કાંકરેજના રતનગઢ...

પાના નં .૮ ચાલુ

આગેવા નોએ પૂર સહાય બાબતે આવેદનપત્ર આપીને વળતર ન ચુકવાય તો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી આપતા તંત્ર હરકતમાં આવી ગયું છે. જો કે સતત ૩ વખત આવેદનપત્ર આપવા છતાં કોઈ નિર્ણય ન આવતા ચૂંટણીનો બહિષ્કાર કરવાનો સરપંચ સહિત ગામલોકોએ નિર્ણય કર્યો છે.

### ધાનેરામાં ભાજપના...

પાના નં .૮ ચાલુ

જેમાં ડીસા માર્કેટયાર્ડ વેપારી એસો.ના પ્રમુખ અરજનભાઈ પટેલ, શાક માર્કેટ વેપારી એસો.ના પ્રમુખ કમલેશભાઈ માળી, ડિરેક્ટર મહેન્દ્રભાઈ શેઠ, પૂર્વ ડિરેક્ટર દિનેશભાઈ ત્રિવેદી, અગ્રણી વ્યાપારી શંકરલાલ માળી, દિલીપભાઇ ઠરીયાણી, રાજુભાઈ માળી, રમેશભાઇ માળી સહિત વેપારીઓ, મહેતાજીઓ અને હમાલભાઈઓએ માવજી ભાઈનું સન્માન કરી તેમને જંગી બહુમતીથી જીતાડવા ના સંકલ્પ કર્યા હતા. જ્યારે ધાનેરા મત વિસ્તારમાં બે દિવસ તમામ વેપારીઓ, મહેતાજીઓ હમાલભાઈઓ રજા રાખી પ્રચારકાર્યમાં જોડાશે તેવું આશ્વાસન આપ્યું હતું.

### પત્નીના ...

પાના નં .૮ ચાલુ

દલીલોને ગ્રાહ્ય રાખી નામદાર કોર્ટે ગુન્હામાં આજીવન કેદની સજા તથા રૂા.૫૦૦૦/-નો દંડ કરેલ છે.

આ બાબતે સરકારી વકીલ દ્વારા દલીલો કરવામાં આવેલ કે આરોપીના ખેતરમાં જાનાવાડા મુકામે બનેલ ત્યારે મરનાર ખેતરમાં ગવાર વાઢતા હતા.અને મરનારના હાથમાં મરતી વખતે ગવાર હતો તે સમયે આરોપી સિવાય બીજુ કોઈ ન હતું.મરનારના ગળાના ભાગે ધારીયાથી ગળાના ભાગે બે ઘા મારેલા જે પી.એમ. રીપોર્ટથી પુરવાર થાય છે.

### દાંતા ભાજપ ...

પાના નં .૮ ચાલુ

સભ્ય હોય તેવો દાખલો પણ રજુ કરેલ નથી અને ઉમેદવારી ફોર્મમાં ઉમેદવારની દરખાસ્ત મુકનાર મતદાર મંડળના માત્ર એક જ મતદારના બદલે દરખાસ્ત મુકનાર દસ મતદારની જરૂરિયાત પણ પરિપૂર્ણ થતી નથી. તેથી તેમનું ફોર્મ રદ કરવાની માંગ કરી હતી. ભાજપ ઉમેદવારના ફોર્મ સામે વાંધા અરજીના પગલે ભાજપ છાવણીમાં દોડધામ મચી ગઈ છે અને મત વિસ્તારમાં પણ આ મુદ્દો ચર્ચાના ચગડોળે ચડ્યો છે.

### કાંકરેજ તાલુકાંના...

પાના નં .૮ ચાલુ

કરણસિંહ વાઘેલા, અણદાભાઈ પટેલ, સુખદેવ સિંહ સોઢા, અખાભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, ડાયાભાઇ પિલિયાતર, કિશોરભાઈ પ્રજાપતિ, સમુજી, બાબુભાઇ ચૌધરી, સાંતુભા ડાભી, રમેશભાઈ વાઘડા, ફતુજી પરમાર, અમરસિંહ સોલંકી તેમજ શક્તિ પીઠના પ્રમુખો તથા શક્તિ કેન્દ્રના પ્રમુખો સભ્યો તેમજ ભરતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામા હાજર રહેલ

## ઉદ્યોગપતિઓના કોઇ દેવા માફ કરાયા નથી : જેટલી

નવીદિલ્હી

નાણામંત્રી અરુણ જેટલીએ આજે એવી અફવાઓને ફગાવી દીધી હતી કે, ઉદ્યોગપતિઓના કોઈપણ દેવાને માફ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, સરકારે કોઇ પણ મોટા ડિફોલ્ટરના દેવાને માફ કર્યા નથી. જેટલીએ એક બ્લોગમાં લખ્યું છે કે, છેલ્લા કેટલાક દિવસથી એવી અફવાઓ ચાલી રહી હતી કે, ઉદ્યોગપતિઓના દેવાને માફ કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું છે કે, હવે સમય આવી ગયો છે કે, દેશને આ સંદર્ભમાં પાકી માહિતી મળે. તેમણે કહ્યું હતું કે, ૨૦૦૮થી ૨૦૧૪ વચ્ચેના ગાળામાં કોના કહેવા પર જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા લોન આપવામાં આવી હતી. આ લોન આજે એનપીએમાં બદલાઈ ચુકી છે. જેટલીએ ઉમેર્યું હતું કે, લોકોને આ પ્રકારની અફવા ફેલાવનાર લોકોને પ્રશ્ન કરવા જોઈએ કે, કોના ઈશારા પર અને કોના દબાણ હેઠળ આ પ્રકારની લોન આપવામાં આવી હતી. જ્યારે આ લોન લેનારને પોતાના દેવા અને વ્યાજની ચુકવણીમાં વિલંબ કરવામાં આવ્યો ત્યારે સરકાર દ્વારા કયા પગલા લેવાયા હતા. જેટલીએ ઉમેર્યું હતું કે, લોન લેનારની સામે કઠોર પગલા લેવાના બદલે એ વખતે સરકારે તેમને રાહતો આપી હતી. ડિફોલ્ટર્સને નોનએનપીએ એકાઉન્ટ હોલ્ડર્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. બેલેન્સશીટને સ્વચ્છ બનાવવા માટે ૨૦૧૫માં એસેટ ક્વાલિટી રિવ્યૂની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં એનપીએને લઈને ખુલાસો થયો છે. જેટલીએ કહ્યું છે કે, એક્યુઆરથી એવું પણ જાણવા મળ્યું છે કે, આશરે ૪ લાખ ૫૪ હજાર ૪૬૬ કરોડનું દેવું એનપીએની શ્રેણીમાં રાખવાની જરૂર હતી.

## બોલો...સ્માર્ટફોન દ્વારા તમારા ડાયાબિટીસને કંટ્રોલમાં રાખી શકાશે..!

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

ડાયાબિટિસના દર્દીઓ નજીકના ભવિષ્યમાં સ્માર્ટફોનની મદદથી તેમનું ડાયાબિટીસનું પ્રમાણ નિયંત્રણમાં રાખી શકશે. એક અભ્યાસ મુજબ સ્માર્ટફોન દ્વારા શરીરના ઈલેક્ટ્રીકલ નેટવર્ક પર નજર રાખીને ડાયાબિટિસની સ્થિતિ સુધારવામાં મદદ મળી શકશે. વિજ્ઞાનીઓ હવે સ્માર્ટફોન દ્વારા જ ઈલેક્ટીકલ સિગ્નલ્સ મોકલીને શરીરના અંગોની કામગીરીને અંકુશિત કરવાના પ્રયાસો કરી રહ્યા છે. પેસમેકર જેવું ડિવાઈસ ચામડીની નીચે લગાવીને જે ઈલેક્ટ્રીકલ તરંગો દ્વારા હૃદયને કાર્યરત રખાય છે. તે રીતે વિજ્ઞાનીઓ સ્માર્ટફોનથી ચેતાતંત્રની કામગીરીને કંટ્રોલ કરીને વિવિધ અંગોની કામગીરીને અંકુશિત કરવા માટે સંશોધન કરી રહ્યા છે.

આ અંગે થયેલા સંશોધનમાં દર્શાવ્યું છે કે નર્વ સ્ટિમ્યુલેટિંગ પ્રોસિજર્સની વિશાળ રેન્જમાં ઉપલબ્ધ ડેટા પ્રમાણે પૌરાણિક પરંપરાગત એક્યુપંક્ચરથી લઈને અત્યાધુનિક ઈલેક્ટ્રોએક્યુપંક્ચરથી ન્યુરોમોડ્યુલેશન સુધીની પ્રોસિજર હોય છે જેના માટે ઈલેક્ટ્રીકલ ડિવાઈસીસ લગાવીને ક્રોનિક પેઈન, પેલ્વિક ડિસઓર્ડર્સમાં રાહત આપવામાં આવે છે, જે આર્થરાઈટીસ કે ઘાતક સેપ્સીસ જેવા ચેપ સામે પણ લાભદાયી નીવડી શકે છે.

ટ્રેન્ડસ ઈન મોલેક્યુલર મેડિસીન જર્નલમાં પ્રકાશિત અભ્યાસમાં જણાવ્યા પ્રમાણે, સંશોધકોએ કહ્યું હતું કે નર્વ સ્ટિમ્યુલેશન કોલિટીસ, ડાયાબિટીસ, સ્થૂળતા, પેક્રિયેટાઈટીસ, પેરેલિસિસ અને જીવલેણ ચેપ સામે રક્ષણ આપે છે. રટગર્સ યુનિવર્સિટીના સંશોધક લુઈસ ઉલ્લોઆએ કહ્યું હતું, આપણું શરીર ઘરમાં અનેક રૂમ જેવું છે. અંધારિયા રૂમમાં કંઈ જોવા માટે તમારે લાઈટ ચાલુ કરવા માટે તમારે વીજળીની જરૂર પડે છે. આપણું શરીર એવા રૂમ જેવું છે અને તેમાં ઈલેક્ટ્રીકલ નેટવર્ક હોય છે જેની મદદથી તેની કામગીરીને નિયંત્રિત કરી શકાય છે.

બાયોઈલેક્ટ્રોનીક મેડિસિન કે જે ઈલેક્ટ્રોએક્યુપંક્ચરનું સૌથી આધુનિક સ્વરૂપ છે તેનો હેતુ ક્રોનિક ડિસીઝની સારવાર માટેનો છે. જેના દ્વારા શરીરમાં નાના ઈમ્પ્લાન્ટેબલ ડિવાઈસીસ દ્વારા ઈલેક્ટ્રીકલ સિગ્નલ્સ મોકલીને શરીરના અંગો યોગ્ય રીતે કામ કરે તે સુનિશ્ચિત કરી શકાશે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૪૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૪૨૦૦૦
સોનુ તોલો ૩૦૩૦૦-૩૦૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૭૦**
પામોલીન ૧૦૭૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૨૦
સીગતેલ ૫ લી. ૪૭૫-૪૮૨
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૦
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૦૦૦-૩૧૦૦
૫ કે. કોપરેલ૧૧૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૦
**૧૫ લીટર સનફલાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૬૦
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૧૫૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેકીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૭૦૦-૮૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૪૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૭૦૦-૭૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૪૦૦-૪૪૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૬૦૦-૭૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ................................................................
સરનામુ : ................................................................
મોકલનારની સહી : ..................................................

### શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

વિવિધ રીતરિવાજોવાળા સમાજનો એક ગૌરવવંતી નાગરિક બનીને ઉભી છે તેને વાડામાં નથી રહેવું પણ વાડા કુદાવીને વિશાળ સમુદાયમાં એક રસ થવું છે. તેના અંતરની ભાવના કઈ રીતે પ્રગટ કરવી તેની મથામણ લેખીકાને બહુ કરવી પડતી નથી. કારણ કે તેમાં તેમને પોતાના બાલ્યકાળનાં સ્મૃતિ ચિત્રો કામે લાગ્યા છે. જે કયાંક ને કયાંક કોઈક રીતે જોડતું આવે છેઅને તેમાંથી એક શિલ્પ ઘડાય છે.

ગામડામાંનો ધર્મ બધાના ઘરમાં ઉબરાની અંદર જ રહેતો હોય છે. ગણેશ ચોથે લાડવા અને ઈદના દીવસે ખીર બને છે. એ વાત મને એકવાર મારા મુસ્લિમ સાથી નુર મહંમદભાઈએ ખુબ જ વ્યથા સાથે કરેલી..

ભારતના ભાગલાં વખતનાં અત્યંત ઘાતકી રમખાણોનોં ઈતિહાસ, કેરન આર્મસ્ટ્રોંગનું પુસ્તકનું પુસ્તક હીસ્ટ્રી ઓફ ગોડ અને વર્નર કેલરનું બાઈબલ એઝ એ હીસ્ટ્રી તેમજ એમ.જે.અકબરનુંઈન ધશેડો ઓફ ધ સોર્ડ બોમ્બ બ્લાસ્ટના અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનાં હુમલાના પુસ્તક દ્વારા લેખીકાને મુસ્લીમ ધર્મનો ઉદય, વિસ્તાર અને તેમની માનસીકતાનો જે પરિચય થયો તેનો પ્રભાવ એક યા બીજી રીતે અહીં ઝીલાયો છે. છતાં એક મૌખિક અને અનુભવ સિદ્ધ હકીકતોને કોઈ કોઈ પણ પ્રકારના વાદવિવાદ કે અંગત દ્રષ્ટીકોણને કારણે કોઈ સમાજની સંવાદિતાનો ભંગ થાય તેની પુરતી કાળજી લઈ લેખિકાએ સુંદર નવલકથા આપી છે.

વાડ નવલકથાના લેખીકા ઈલા આરબ મહેતાનો જન્મ તા.૧૬-૬-૧૯૩૮ માં મુંબઈ ખાતે થયો હતો. તેમનું વતન જામનગર છે. તેથી પ્રાથમીક અને માધ્યમિક શિક્ષણ તેમણે ત્યાં મેળવ્યું હતું. એમ.એ. સુધીનો અભ્યાસ ધરાવતા લેખીકા મુંબઈની સેંટ ઝેવીયર્સ કોલેજના નિવૃત્ત અધ્યાપક છે. તેમણે લેખલ નવલકથાઓ નવલીકાઓ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, મહારાષ્ટ્ર રાજય, ભગીની નિવોદીતા પારીતોષીકથી પોંખાયેલ છે. તેમણે ૧૮ જેટલી નવલકથાઓ આપી છે. તેમાં વાડ એક વિશિષ્ટ પ્રકારની નવલકથા છે. એક ખુબ જ સંવેદનશીલ વિષયની આ નવલકથાને પ્રગટ કરવા બદલ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને લેખીકાઓની આ કૃતિને અભિનંદન સહ આવકારૂં છું.

-નટવર હેડાઉ

### નારી ચેતના...

અનુસંધાન ૫ નું ચાલુ

આવું કરવાથી તેમને આનંદ આવશે અને પ્રોત્સાહન પણ મળશે. એકાંતની પળોમાં ગમે તેવું વર્તન ન કરશો. તેઓ તમારી પાસેથી શું અપેક્ષા રાખે છે તે જાણવાનો પ્રયત્ન કરો અને તે માર્ગ અપનાવો. વર્તમાન યુગમાં એકબીજા સાથે બેસવાનો સમય મળવો મુશ્કેલ હોય છે. ત્યારે સપ્તાહમાં એક દિવસ ''હમ સાથ સાથ હૈં'' નો પ્રોગ્રામ બનાવી શકો છો. તમારા બંને સિવાય ત્રિજુ કોઈ નહિ. સાસુ-સસરાને માતા-પિતા સમજી માન-આદર આપો. દિયર-નણંદને ભાઈ-બહેન સમજો. આવું કરવાથી તમારું માન-સન્માન વધી જશે. પરિવારમાં કોઈની બર્થડે પર ''શુભેચ્છા'' પાઠવો, સપ્રેમ ગિફ્ટ આપો. આ રીતે તમે સૌના દિલ જીતી શકશો. આ બધા તમારા પરિવારના સભ્યો છે તે રીતે તેઓની નાની મોટી વાતોનું ધ્યાન રાખો. સાસુ-સસરા બીમાર હોય તો સમયસર દવા આપો. આવું કરવાથી તેમના દિલમાં અનેરૂ સ્થાન બનાવી શકશો. તમને પુત્રવધૂ નહિ પરંતુ પોતાની પુત્રી જ સમજશે ! કોઈકવાર નાની-મોટી, ખાટી-મીઠી તકરાર થાય તો ગભરાવું નહિ. તેને ગંભીરતાથી ન લેશો. થોડી તકરાર ન થાય તો ''જીનેકી મજા ક્યા હૈ !'' રિસાવુંક્ષ્મનાવું, એ તો જીવનની બે બાજુઓ છે. થોડીક મજાકક્ષ્મસ્તી જીવનને ખુશનુમા બનાવે છે. જીવનને આનંદથી માણો. જ્યારે તેઓ કોઈ વાતને લઈને વ્યગ્ર હોય તો તેમને ધીરજ, સાંત્વના અને હિંમત આપો. તેમને પ્રોત્સાહિત કરો. તેમનામાં રહેલા સારા ગુણોની યાદ અપાવો. આવું કરવાથી આત્મ વિશ્વાસ વધશે. તમારા સંબંધો વધારે મજબૂત થશે. પતિ તમને તમારા કાર્યમાં મદદ કરે તો ''થેંક્યુ'' ના બે મીઠાં બોલ અચૂક કહેશો. આવું કરવાથી બીજીવાર તમને મદદ મળશે. હળીમળીને કામ કરવાથી સંબંધોમાં મીઠાશ આપોઆપ આવી જાય છે. આજે દરેક વ્યક્તિ પ્રેમને માટે તરસતી હોય છે. પ્રેમથી મોટી કોઈ ચીજ દુનિયામાં નથી. કહેવાય છે કે પ્રેમને હીરા-મોતીથી તોલી શકાતો નથી. પ્રેમ અમૂલ્ય છે. તેથી પ્રેમ આપો અને પ્રેમ લો. ઘમંડ, અહંકાર, ક્રોધને તિલાંજલી આપો. નાના બનો. હું કાંઈક છું એવો મોટાપો સારો નહિ. સાગર જેવા બનવા કોશિશ કરો. સરિતાઓ દોડતી તમારી પાસે આવશે ! પતિ કે પરિવારનો કોઈ સભ્ય વાત કરે તો તેને ધ્યાનથી સાંભળો, વચ્ચેથી કાપી ન નાંખશો. સાંભળીને પછી યોગ્ય પ્રતિભાવ આપો અથવા ન બોલવામાં નવગુણ એમ સમજી મૌન રહો. સ્ત્રીઓને શોપીંગ કરવાનું ગમે છે. તેમને પણ સાથે લઈને બંનેની પસંદગીની વસ્તુઓ ઘેર લાવી શકાય. સંબંધોનો કાચો તાંતણો વધારે મજબૂત થશે. વાદ-વિવાદમાં પડશો નહિ. વાતોને બને તેટલી ટૂંકાણમાં પતાવો. વાદ-વિવાદ એક ચિનગારી છે તેમાંથી જ ભયંકર અગ્નિ ભભૂકી ઊઠે છે તે કદી ભૂલશો નહિ. સંક્ષેપમાં આધુનિકતાનો અંચળો ઓઢીને બાહ્ય દુનિયામાં તમે આરામથી ફરી શકશો પરંતુ તમારા મનની વ્યથા, લાગણીઆને વ્યક્ત કરવા તથા તેને ઉકેલવા માટે તમારૂં પોતાનું કહી શકાય તેવું કોઈ તો જીવનમાં હોવું જ જોઈએ ! તેથી પ્રેમપૂર્વક, અહંકારને ઓગાળી, થોડું નમતું આપીને સમાધાનકારી વલણ અપનાવવાથી જીવનને મંગલમય, હર્ષોલ્લાસ અને દિલના બગીચાને વસંતમય બનાવી શકાશે !

### આગ ભીતર ભીતરની..

અનુસંધાન ૫ નું ચાલુ

મારા પપ્પા નોકરીએથી આવતાં હતા ત્યારે કોઈકે એમને ટક્કર મારી મોત ભેગા અકાળે ભેળવી દીધા.

મારી નવી મમ્મી તો રોઈ રોઈને અડધી થઈ ગઈ. પણ કુદરત આગળ લાચાર હતી. સમય ગયો, પપ્પાને સ્થાને એને નોકરી મળી ગઈ.મને એ પહેલાં કરતાં વધારે સારૂં રાખતી હતી પણ મારૂં મન માનતું નહીં.

એક દિવસ ફિલ્મોમાં બને છે એવું મેં અને મારી સખીએ કહ્યું મેં મારા ઘરમાંથી દશ હજાર ચોર્યા.. બીજી સખીએ એટલા.. હૈદ્રાબાદ ગયા, ઘર છોડીને અમારે ફિલ્મોમાં ચમકવું હતું..

હૈદ્રાબાદની ચાર દિવસની.. મારે જાણે જીંદગીનો સાચો ગુણોત્તર સમજાવી દીધો. પૈસા ખલાસ થતાં વાર ના લાગી.. સાત દિવસમાં તો પાછા બેઠા..

મારા ઘેર આવી મને હતું મમ્મીના ચરણોમાં આળોટી પડીશ.. પણ મારી નવી મમ્મી સુમિત્રાએ આત્મહત્યા કરી દીધી હતી. એક ચિઠ્ઠીમાં લખ્યું હતું.. પહેલાં તારા પપ્પા ગયા હવે દીના બેટા તું છોડીને ગઈ.. આ બે આઘાત હું જીરવી શીકું એમ ન હતી.. સુમીત્રા...

રેણુ વિષ્ણુકુમાર બારોટ

### રૂપના રખોપા

અનુસંધાન ૫ નું ચાલુ

બનાવવી ખૂબ સરળ છે. વાળને બે ભાગમાં વહેંચો અને માંગ કાઢી લો. એક ભાગ પોતાનાં ચહેરાની આગળ રાખો અને બીજો ભાગ પાછળની તરફ. સાઈડ સ્વેપ્ટ હેરડૂમાં આપ વાળમાં પેલ્ટ્સ કે અંબોડો બનાવી શકો છો. ફ્રિંજિસ વિથ સ્ટેપ્સ એન્ડ લેર્સ : વાળમાં ફ્રિંજિસ સાથે સ્ટેપ્સ અને લેર્સ પણ નંખાવી શકો છો.તેનાથી આપના વાળમાં વોલ્યુમ નજરે પડશે. તેની માટે આપને એક સારા હેર સ્ટાઈલિસ્ટની જરુર પડશે કે જે આપના હેર સ્ટેપ્સ, લેર્સ તથા ફ્રિંજિસનું ધ્યાન રાખે. ગ્લોબલ હેર કલર : મેકઓવર કરવાની સૌથી શ્રેષ્ઠ અને આસાન રીત છે ગ્લોબલ હેર કલર. આ પ્રક્રિયામાં આપને ઘણી સીટિંગ લેવી પડે છે. પોતાના વાળના કાલરની પસંદગી કરતી વખતે જરા કાળજી રાખો. યોગ્ય હેર કલર બ્રાન્ડની પસંદગી કરવી પણ જરુરી છે.ગ્લોબલ હેર કલરથી આપનો આખો લુક જ બદલાઈ શકે છે.

# રાધનપુરમાં મકાનમાંથી ૨૬ હજારના વિદેશી દારૂનો જથ્થો પકડાયો

રાધનપુર

રાધનપુરધરતી સોસાયટીમાં આવેલા એક મકાનમાંથી પોલીસે બાતમી આધારે રેડ કરી રૂ.૨૬,૩૦૦ના પરપ્રાંતીય દારૂના જથ્થો પકડી પાડ્યો હતો. રાધનપુરમાં ધરતી સોસાયટીમાં રહેતા ગણપતભાઈ કરમશીભાઈ પંચાલના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની બાતમી મળતા પોલીસની ટીમે બાતમી આધારે રેડ કરી મકાનમાંથી પરપ્રાંતીય દારૂ અને બીયરનો જથ્થો ૧૩૮ બોટલ રૂ.૨૬૩૦૦ની પકડી પાડ્યો હતો. આગામી વિધાનસભાની ચૂંટણીને પગલે જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃત્તી નેસ નાબૂદ કરવા માટે એસપી અશ્વિન ચૌહાણની સૂચનાથી પાટણ એલસીબી પીઆઈ આર.બી.ભટોળની ટીમ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી આધારે રેડ કરી હતી.આ અંગે રાધનપુર પોલીસ મથકે ગણપતભાઈ કરમશીભાઈ પંચાલ સાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ઊંઝામાં ઉમિયા માતાના મંદિર નજીક મહિલાના ગળામાંથી સોનાના દોરાની લૂંટ

ઊંઝા

આજે સવારે ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજીના મંદિર નજીક બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સો એક મહિલાના ગળામાંથી સવા બે તોલા વજનના સોનાના દોરાની આબાદ લૂંટ ચલાવીને ક્યાંક નાસી છુટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના જગન્નાથપુરા ગામે રહેતા મધુબેન ભીખાભાઈ પટેલ પોતાના મામાની દિકરીના લગ્નપ્રસંગે સવારના સમયે ઉમિયા માતાજીના મંદિરે જઈ રહ્યા હતા. ત્યારે મંદિર પાસે જ બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સો મહિલાના ગળામાં પહેરેલ સવા બે તોલા વજનના સોનાના દોરાની લૂંટ ચલાવી બાઈક પર ક્યાંક નાસી છુટ્યા હતા. લૂંટારૂઓ કાળા કલરના બાઈક પર આવ્યા હતા અને તેઓએ શરીરે પેન્ટ શર્ટ પહેરેલ હતા. સવારના અગિયાર વાગ્યાના સુમારે લોકોની અવરજવરવાળા ભરચક વિસ્તારમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની લૂંટનો ચોંકાવનારો બનાવ બનતા લોકોમાં ભયની લાગણી ફેલાઈ હતી.

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી સ્થાનિક પોલીસ તંત્રની નિષ્ક્રિયતાના કારણે ગુનેગાર તત્વોએ માથુ ઉંચકતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ છે. મિલકત વિરૂધ્ધના ગંભીર પ્રકારના છાશવારે બનતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતા લોકો ભયભીત બન્યા છે.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | પાલનપુર | કપાસ | ૮૮૧-૯૫૧ |
| એરંડા | ૮૭૫-૮૯૦ | મગફળી | ૬૦૦-૭૫૧ |
| રાયડો | ૭૦૭-૭૧૨ | અજમો | ૬૦૦-૯૮૦ |
| જુવાર | ૫૬૨-૬૩૦ | રાયડો | ૬૮૦-૭૧૮ |
| મગફળી | ૬૮૦-૮૬૦ | એરંડા | ૮૫૦-૮૯૫ |
| બાજરી | ૨૨૦-૨૬૪ | તલ | ૧૫૫૧-૧૭૦૦ |
| અડદ | ૬૯૦-૭૫૭ | | સિદ્ધપુર |
| ઘઉં | ૩૧૩-૩૪૦ | રાયડો | ૭૦૦-૭૧૬ |
| રાજગરો | ૭૩૦-૮૧૫ | એરંડા | ૮૩૦-૮૯૨ |
| | લાખણી | અડદ | ૬૫૦-૮૭૧ |
| એરંડા | ૮૪૦-૮૮૨ | ગવાર | ૬૫૩-૭૬૦ |
| રાયડો | ૬૯૪-૭૧૪ | ચોળા | ૮૧૪ |
| ગવાર | ૭૨૦-૭૨૯ | ઘઉં | ૩૩૧-૩૭૦ |
| તલ | ૧૭૦૦-૧૮૨૧ | બાજરી | ૧૯૫-૨૯૯ |
| ર.બાજરી | ૩૨૫-૪૦૦ | જુવાર | ૩૫૩-૬૧૩ |
| ચીકુડી | ૮૦૦ | જવ | ૨૮૦ |
| કપાસ | ૮૮૮-૮૯૪ | કપાસ | ૮૭૦-૯૪૭ |
| વરી. | ૧૦૧૭-૧૧૫૫ | | ધાનેરા |
| રાજગરો | ૭૩૫ | જીરૂ | ૨૭૦૦-૨૯૨૦ |
| | થરાદ | વરી. | ૧૦૧૯ |
| રાયડો | ૭૧૦-૭૩૨ | ઈસ. | ૧૮૦૦-૧૮૪૦ |
| એરંડા | ૮૭૦-૮૮૩ | એરંડા | ૮૫૧-૮૬૩ |
| મગફળી | ૭૦૦-૮૦૫ | મેથી | ૪૮૦ |
| મગ | ૭૦૦-૯૪૦ | સુવા | ૮૭૦-૯૫૦ |
| ગવાર | ૬૮૦-૭૪૫ | રાયડો | ૬૬૦-૭૦૮ |
| તલ | ૧૪૫૫-૧૮૬૬ | ગવાર | ૬૬૧-૭૨૬ |
| જીરુ | ૩૦૦૦-૩૮૭૧ | બીજડા | ૧૦૧૦-૧૨૬૦ |
| મઠ | ૫૮૦-૬૮૫ | ઘઉં | ૩૧૬ |
| મેથી | ૫૫૧-૬૬૧ | મગ | ૭૦૦-૯૦૯ |
| બીજડા | ૧૦૩૦-૧૧૧૦ | બાજરી | ૨૪૦-૩૦૦ |
| ચિકુડી | ૮૦૦-૧૦૦૦ | મઠ | ૬૪૯-૭૦૯ |
| | રાહ | ચોળા | ૬૮૫-૭૩૫ |
| રાયડો | ૭૦૦-૭૨૫ | રાજગરો | ૭૧૯ |
| એરંડા | ૮૬૫-૮૮૭ | રજકો | ૧૬૦૧ |
| રજકાબાજરી | ૩૭૦-૪૦૦ | તલ | ૧૪૫૨-૧૭૭૦ |
| ચિકુડી | ૮૮૦-૯૨૫ | અડદ | ૬૫૦-૮૮૪ |
| | પાટણ | મગફળી | ૫૫૦-૮૪૭ |
| જીરૂ | ૩૨૦૦-૩૭૫૩ | અન્ય | ૯૬૧-૯૮૧ |
| વરી. | ૮૫૧-૧૧૫૬ | | થરા |
| મેથી | ૪૪૧-૫૪૬ | જીરૂ | ૩૫૮૦-૩૮૦૦ |
| સુવા | ૮૯૨-૧૦૦૦ | એરંડા | ૮૮૩-૮૯૨ |
| ઘઉં | ૩૧૧-૩૫૯ | રાયડો | ૬૯૦-૭૧૫ |
| બાજરી | ૨૩૦-૨૯૦ | વરી. | ૧૧૨૦-૧૧૪૦ |
| બંટી | ૩૦૫-૩૨૩ | ગવાર | ૬૪૫-૭૩૬ |
| કપાસ | ૮૯૧-૯૪૦ | ઘઉં | ૩૧૮-૩૫૩ |
| મગ | ૪૫૧-૬૯૭ | બાજરી | ૨૨૭-૨૫૧ |
| મઠ | ૭૦૦ | અડદ | ૬૭૫-૭૮૬ |
| જુવાર | ૫૫૧-૬૪૮ | બંટી | ૩૨૦-૩૩૫ |
| અડદ | ૭૧૦-૮૯૦ | મગફળી | ૯૦૦ |
| ગવાર | ૬૯૦-૭૪૦ | | |

# પાટણ જિલ્લાનું 'ફ્રી એન્ડ ફેર' ચૂંટણી માટેની તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કરતા કેન્દ્રીય નિરીક્ષક



પાટણ

પાટણ જિલ્લામાં તારીખ ૧૪ડિસેમ્બરે ૧૬-રાધનપુર, ૧૭-ચાણસ્મા ૧૮-પાટણ અને ૧૯-સિદ્ધપુર વિધાનસભા બેઠકો માટે નિયુક્ત કરાયેલા કેન્દ્રીય ઓબ્ઝર્વરશ્રી ડૉ. પ્રીતમ બી. યશવંત, શ્રી સર્વજીતસિંહ અને પોલીસ ઓબ્ઝર્વર્સ ડી.સી.સાગરે તા.૨૭/૧૧/૨૦૧૭ના રોજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી નોડલ ઓફિસરોની મિટિંગમાં જિલ્લામાં ચૂંટણી માટે કરાયેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયાને ફ્રી એન્ડ ફેર રીતે સંપન્ન કરવા માટે કરાયેલી તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કરતાં ડૉ.પ્રીતમ બી. યશવંતે જણાવ્યું હતું કે, આપણો સૌનો એકમાત્ર ઉદ્દેશ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને તંદુરસ્ત-નિસ્પક્ષ અને આદર્શ વાતાવરણમાં યોજવાનો છે. ટીમ સ્પિરિટ અને સંકલનથી આ કામ થઈ શકે છે. ઓબ્ઝર્વર સર્વજીતસિંહ ચૂંટણીના પ્રત્યેક કામને પંચના નિર્દેશ અનુસાર કરવા જણાવ્યું હતું. પ્રત્યેક કાર્ય માટે રિએક્ટિવ બનવાના બદલે પ્રો-એકટીવબનવા ક્ષતિઓને પ્રારંભથી નિવારી લેવા જણાવ્યું હતું. ચુંટણીનું કાર્ય સારી રીતે સંપન્ન થાય પૂરી રીતે નિસ્પક્ષ અને તટસ્થ બની રહે તે જોવા જણાવ્યું હતું.તેમણે ચૂંટણી માટે ઇ.વી.એમ. અને વી.વી.પેટ મશીનો ચુસ્ત, દુરસ્ત હોય અને છેલ્લી ઘડીએ કોઈ ક્ષતિ ઉભી ના થાય તે જોવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલે ચૂંટણીપંચના નિરીક્ષકશ્રીઓને આવકારતા જણાવ્યું હતું કે, સમગ્ર તંત્ર માનનીયચૂંટણીપંચને આધીન છે ત્યારે પંચના પ્રત્યક્ષ નિદર્શનો અક્ષરસઃ અમલ થાય તે જરૂરી છે. પ્રક્રિયામાં કોઈ ચૂક ન થાય અને સમગ્ર ટીમ એક સાથે પૂરેપૂરા સંકલન-સમન્વયથી કામ કરે તે અપેક્ષિત છે.

પ્રારંભ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.જે.પટેલ ચૂંટણી પ્રક્રિયાનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જિલ્લામાં ચૂંટણીના બૂથો માટે ૧૧૦% ઇ.વી.એમ. અને ૧૨૫ વી.વી.પેટ ફાળવવામાં આવ્યા છે. ૧૦૦૦૦ પોસ્ટલ વોટર્સને મતદાન માટેના ફોર્મસ પુરા પડાયા છે. ૨૬૪માઈક્રો ઓબ્ઝર્વરશ્રીઓને ટ્રેનિંગ અપાઇ છે. બેઠકમાં ખર્ચના ચીફ-કો-ઓર્ડીનેટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજ્યગુરૂ, નિવાસી અધિક કલેકટરશ્રી બી.જી. પ્રજાપતિ સહિત નોડલ ઓફીસરઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાધનપુરમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો




રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સ્થિત અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એમ.એમ. ઝોટા પ્રાથમિક શાળામાં મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો,આ પ્રસંગે શાળાના આચાર્યા રેખાબેન ઠક્કર અને ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ સંકલ્પ પત્રોનું વિતરણ,માનવસાંકળ,રેલી,ચિત્રસ્પર્ધા, નિબંધસ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, સહીઝુંબેશ, દુધ મંડળીની મુલાકાત, શપથ વિધિ, કવીઝસ્પર્ધા જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોને મતદાનનું મહત્વ સમજાવવાનો હતો. નોડલ ઓફિસર નયનાબેન ઠક્કરે આ કાર્યક્રમની સમગ્ર કામગીરી સંભાળી હતી, જયારે સુપર વાઈઝર દિપાબેન ઠક્કર તથા સ્ટાફે સહકાર આપ્યો હતો,

# ઈડરના વસાઈ ગામે ચાર મકાનોમાં તસ્કરો લાખોની મત્તા ચોરી ગયા

હિંમતનગર

ઈડર તાલુકાના વસાઈ ગામે ગત શનિવારે રાત્રે ત્રાટકેલા તસ્કરોએ ચાર જેટલા મકાનોને નિશાન બનાવી ૬ લાખથી વધુ મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. રવિવારે વહેલી સવારે ચાર મકાનોમાં ચોરી થયાની ઘટના સામે આવતા લોકોના ટોળે ટોળાં સ્થળ પર ઉમટી પડ્યા હતા. આ અંગે પોલીસે અજાણ્યા તસ્કરો સામે ચોરીની ફરિયાદ નોંધી ડોગ-સ્કવોડ તથા એફ.એસ.એલની મદદથી તસ્કરો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. જાણવા મુજબ ઈડરના વસાઈ ગામે ચાર જેટલા બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરો ત્રાટક્યા હતા. સૌપ્રથમ લગ્ન પ્રસંગ માટે મુંબઈ ગયેલ પટેલ પ્રભુદાસ જીવાભાઈના બંધ મકાનનું તાળું તોડી રૂા. ૩.૫ લાખના સોના ચાંદીના ઘરેણા તથા ત્રણ લાખની રોકડ મળી કુલ રૂા. ૬.૦૫ લાખની મત્તા ચોરી ગયા હતા. બાદમાં નજીકમાં જ આવેલા ગંગાબેન પટેલના મકાનમાં ત્રાટકી ૧ કિલો ગ્રામ ચાંદીના ઘરેણા અને ૨૦૦૦ ની રોકડ ચોરી ગયા હતા. આ ઉપરાંત પ્રજાપતિ રામજીભાઈ જેઠાભાઈ અને પ્રજાપતિ દિનેશભાઈ ભગવાનભાઈના મકાનનું તાળું તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. જેમાં દિનેશભાઈ પ્રજાપતિના ઘરમાંથી ચાંદીની મૂર્તિ અને સિક્કા ચોરાયા હતા. આ ચારે મકાન માલિકો એક બે દિવસ અગાઉ ઘરબંધ કરી બહારગામ ગયા હતા. ત્યારે આ તકનો લાભ ઉઠાવી તસ્કરોએ હાથફેરો કર્યો હતો.

# શંખલપુર ખાતે પ્રાથમિક શાળાના ૧૨૮ મા સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના શંખલપુર ગામની અનુપમ પ્રાથમિક શાળાના ૧૨૮ મા સ્થાપના દિનની મંગળવારે શાળા પરિવાર દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

શંખલપુર ગામની અનુપમ પ્રાથમિક શાળાની સ્થાપના તા. ૨૮/૧૧/૧૮૮૯ ના રોજ થઈ હતી. સવા સો વર્ષની દડમજલ કાપી આજે વટવૃક્ષ બનેલી શાળામાં ધો.૧ થી ૮ માં ૪૨૫ બાળકો અભ્યાસ કરે છે. શાળાના ૧૨૮ મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે સરપંચ પરેશભાઈ પટેલ અને સ્કુલ મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ હર્ષદભાઈ પટેલ, આચાર્ય જીજ્ઞેશભાઈ પટેલ વગેરેના હસ્તે કેક કાપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના બાળકો દ્વારા સ્થાપના ગીત, સ્વાગત ગીત સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા. સરપંચ દ્વારા બાળકોને ચોકલેટનું વિતરણ કરાયું હતું. શાળા પરિવાર દ્વારા એકબીજાને શુભેચ્છા પાઠવ વામાં આવી હતી.

## આગીયોલ- બેરણા નજીકના કારખાનામાંથી ટ્રકની ઉઠાંતરી

હિંમતનગર

હિંમતનગર તાલુકાના નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલ આગીયોલ- બેરણા ચોકડી નજીક એક કારખાનામાંથી મધ્યરાત્રિ બાદ ટ્રકની ચોરી થતાં ચકચાર મચી ગઈ છે. ગાંભોઈ પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા મુજબ નેશનલ હાઈવે -૮ ઉપર આગીયોલ- બેરણા ચોકડી નજીકના રોનક એન્ટરપ્રાઈઝ માલના કારખાના ના કંમ્પાઉન્ડમાં મુકેલી જીજે૦૯ વાય ૬૯૫૩ નંબરની ટ્રક મુકી હતી. ત્યારે ગત સોમવારે મધ્યરાત્રે કોઈ શખ્સો દ્વારા આ ટ્રકની ચોરી થતાં વાહન માલિકોમાં ભયનો માહોલ છવાયો છે.

# રાધનપુરમાં પાંચ ઉમેદવારીપત્રો રદ થયા




રાધનપુર

રાધનપુર વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ સુધીમાં ૩૩ ઉમેદવારીપત્રો ભરાયા હતા, મંગળવારે રાધનપુર વિધાનસભા ચૂંટણી માટે મુકાયેલા ઓબ્જર્વર ડોક્ટર પ્રીતમ યશવંત અને ચૂંટણી અધિકારી એસ.ડી. ગીલ્વાની સીધી દેખરેખ નીચે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં ઉમેદવારોના એજન્ટોને હાજર રાખ્યા હતા, ચકાસણી બાદ ૩૩ માંથી ૫ ઉમેદવારીપત્રો રદ થયા હતા, જેમાં ભાજપના ડમી ઉમેદવાર પટેલ અમથાભાઈ રામાભાઈ અને કોંગ્રેસના ડમી ઉમેદવાર ખોડાજી મેરુજી ઠાકોરના ઉમેદવારીપત્રો તેમના પક્ષના ઉમેદવારના ઉમેદવારીપત્રો માન્ય રહેતા રદ થયા હતા, જયારે રાવળ શાંતાબેન ભૂરાભાઈનું સોગંધનામુ રજુ ના થયું હોઈ અને ચૌધરી જયેશકુમાર ભેમાભાઈ તેમજ ઠાકોર વસંતભાઈ લખમણ ભાઈનું દરખાસ્ત કરનારની વિગતો યોગ્ય રીતે રજુ કરવામાં ના આવી હોવાથી રદ કરવામાં આવ્યા હતા,હવે ૨૮ ઉમેદવારોને માન્ય રાખવામાં આવ્યા છે, જેમાં કોંગ્રેસ અને ભાજપ ઉપરાંત બહુજન મુક્તિ પાર્ટી,ગુજરાત જન ચેતના પાર્ટી,શિવસેના, અખંડ હિન્દ પાર્ટી, અને બહુજન સમાજ પાર્ટીના તેમજ ૨૧ અપક્ષ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે, આમાંથી ફોર્મ પાછું ખેંચવાના દિવસે કેટલા ઉમેદવારો ફોર્મ પાછું ખેંચે છે તે જોવાનું રહ્યું,

# કડીમાં રિક્ષા ચાલક અને વેપારીની આંખમાં મરચાંની ભૂકી નાંખી ચોરીનો પ્રયાસ

મહેસાણા

કડી શહેર ખાતે કરિયાણાના વકરાનો થેલો લઈ વેપારી રિક્ષામાં ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે બાઈક સવાર બે અજાણ્યા શખ્સોએ રીક્ષા ચાલક અને વેપારીની આંખમાં મરચાની ભૂકી નાંખી થેલો આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામતા પોલીસે તપાસ ચલાવી છે. જાણવા મળતી વિગતો અનુસાર કડીની દેવાલય સોસાયટીમાં રહેતા વાસુભાઈ જસવાણી કરિયાણાના વકરાનો થેલો લઈ શનિવારે ઘરે જઈ રહ્યા હતા. ત્યારે શહેરના આરામ ગૃહ પાસે બાઈક સવાર બે અજાણ્યા શખ્સોએ મરચાની ભૂકી વાસુભાઈ અને રીક્ષા ચાલકની આંખમાં નાંખી થેલાની ચોરીનો પ્રયાસ કર્યો હતો. જો કે બૂમાબૂમ કરવામાં આવતાં બંને શખ્સો ગાળો બોલી ફરાર થઈ ગયા હતા.

આ અંગે વાસુભાઈ જસવાણીએ કડી પોલીસ મથકે બાઈક સવાર બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાધનપુરના ભાભર ત્રણ રસ્તા પર પોલીસ ઓબ્ઝર્વર ડી.સી સાગરે સ્વયં ઉપસ્થિત રહી વાહનોની ચકાસણી કરી




પાટણ જીલ્લામાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાના નિયમનમાટેસ્ટેટીક સર્વલન્સ સધન બનાવાયું છે. પાટણ જિલ્લામાં નિયુકત થયેલા પોલીસ ઓબ્ઝર્વરશ્રી ડી.સી સાગર (આઈપીએસ) એડીશ નલ ડાયરેકટર જનરલ ઓફ પોલીસ દ્વારા રાધનપુર-ભાભર ત્રણ રસ્તા ખાતે ઉપસ્થિત રહી પસાર થતા વાહનોનું ચેકીંગ કર્યું હતું. સ્ટેટીક સર્વેલન્સ સર્તક બનતાં પાટણ જીલ્લામાં આદર્શ આચારસંહિતાનું આદર્શ નિયમન ચુસ્ત બન્યું છે.

# ઊંઝામાં ઓવરબ્રીજના કામકાજ ઉપરાંત સર્વિસ રોડના અભાવે વાહન ચાલકો પરેશાન

ઊંઝા

ઊંઝામાં રેલવે પર બની રહેલા બે ઓવરબ્રીજના કામકાજ દરમ્યાન હાઈ- વે ઉપરના ભારે ટ્રાફિકના કારણે સર્વિસ રોડની તાતી જરૂરિયાત છે, હાલમાં મહેસાણા તથા સિધ્ધપુર તરફ હાઈવે રોડ બ્લોક કરી બંને સાઈડ વ્યવસ્થિત સર્વિસ રોડના અભાવે વાહન ચાલકોને ભારે પરેશાન થવું પડે છે.

જાણવા મુજબ ઊંઝામાં રેલવે લાઈન ઉપર બની રહેલા ઓવરબ્રીજના કામકાજના કારણે રેલ્વે સ્ટેશન જવા માટે પાણીની ટાંકીથી પસાર થતો રોડ અચાનક ઈન્ડીકેટર વગર બંધ કરી દેવાતાં અજાણ્યા મુસાફરો અટવાતા હોય છે.કોન્ટ્રાક્ટરોએ વાહન ચાલકોની પરેશાનીઓ વિચાર કર્યા વિના કોઈપણ સુચના વગર આડેધડ કાર્યવાહી શરૂ કરતાં વાહન ચાલકો ત્રાસી ઉઠ્યા છે.

ઓવરબ્રીજનું કામકાજ ચાલતું હોય ત્યારે ઉડતી ધૂળની ડમરીઓ, રોડ પર પડેલી કપચી, નાની મોટી ખીલાસળી વગેરેથી વાહન ચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે.

હાલમાં ઓવરબ્રીજના કામકાજના કારણે અને સર્વિસ રોડના અભાવે ટ્રાફિક ઉપરાંત ધૂળની ઉડતી ડમરીઓથી વાહનચાલકોની હાલાકીનો પાર નથી. આ બાબતે સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા સત્વરે પગલા ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# વૌવા ઉત્તર બુનિયાદી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ દૂધ મંડળીની મુલાકાત લીધી




રાધનપુર

સાંતલપુર તાલુકાના વૌવા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગામની વૌવા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની મુલાકાત લઈને સહકારી પ્રવૃત્તિ અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી અને દૂધનું ઉત્પાદન કેવી રીતે થાય છે તે અને સમગ્ર કામગીરીને ધ્યાનથી નિહાળી હતી, શાળાના આચાર્ય અને શિક્ષકો સાથે જોડાયા હતા.

# ધાનેરામાં ભાજપના ઉમેદવાર માવજીભાઈને જીતાડવા ડીસા માર્કેટયાર્ડના વેપારીઓ મેદાનમાં

**ડીસા માર્કેટયાર્ડ અને શાકમાર્કેટના વેપારીઓએ મહેતાજીઓણે હમાલો બે દિવસ રજા રાખી પ્રચાર કરશે**



ડીસા

ધાનેરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને સમગ્ર ધાનેરા અને દાંતીવાડા તાલુકામાંથી પ્રચંડ જન સમર્થન મળી રહયુ છે ત્યારે માવજી ભાઈની જંગી બહુમતીથી જીતાડવા હવે ડીસા માર્કેટયાર્ડ અને શાકમાર્કેટના વેપારીઓ, મહેતાજીઓ અને હમાલો પણ પ્રચારકાર્યમાં જોડાશે.

સોમવારે ડીસા માર્કેટયાર્ડ વેપારી એસો. હોલ ખાતે માવજીભાઈ દેસાઈનું ભવ્ય સન્માન કરાયું હતું. ધાનેરા બેઠકના ભાજપના ઉમેદવાર ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને બનાસ કોલેજ ના સ્થાપક ચેરમેન માવજીભાઈ દેસાઈએ ભાજપના ઉમેદવાર તરીકે ફોર્મ ભરતા ડીસા બજાર સમિતિમાં હર્ષોલ્લાસની લાગણી વ્યાપી છે. માવજીભાઈ દેસાઈ ને તન-મન-ધનથી જીતાડવા ડીસા બજાર સમિતિ સંચાલિત ડીસા માર્કેટયાર્ડ, વી.જે.પટેલ શાક માર્કેટ અને ભીલડી માર્કેટયાર્ડના વેપારીઓ, મહેતાજીઓ અને હમાલભાઈ ઓ પણ ધાનેરામાં તેમના પ્રચારમાં જોડાશે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડ વેપારીએ એસોસિયેશન હોલ ખાતે માવજીભાઈનો સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકાંના કુવારવા ખાતે ભાજપ ઉમેદવારની બેઠક યોજાઈ



કિશોર પ્રજાપતી

પ્રતિ. થરા

કાંકરેજના કુવારવા ખાતે બ્રહ્માણી જીનમા ગઈકાલ સાંજે છ કલાકે કાંકરેજ વિધાનસભા ચૂંટણીના અનુસંધાને શક્તિ કેન્દ્રના પ્રમુખો અને શક્તિ પીઠના પ્રમુખોની બેઠક યોજાઈ હતી. જેમા ભાજપના આગેવાનો દ્વારા આ વિધાન સભાની સીટના ઉમેદવારને બહુમતીથી વિજય બનાવાવા માટે હાકલ કરવામા આવી હતી , અને શક્તિ પીઠના કાર્યકર્તા ઓ ડોર ટૂ ડોર પ્રવાસ કરી લોકોને વધુમા વધુ મતદાન થાય તે માટે આ બેઠક યોજાઈ હતી આ બેઠકમાં ભરતીય જનતા પાર્ટીના ઉમેદવારને જંગીમતોથી વિજય અપાવવા આહવાન કરાયુ હતું. કાંકરેજ વિધાનસભાના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલા, મફાજી સોલંકી,

અનુસંધાન પાના નં.૬

# ટીકીટોની ટકટક બંધ થઈ હવે અપક્ષોની અપેક્ષા

**મતદારોની જાગૃતિ અતિ આવશ્યક**

કારણ વગરનું રાજકારણ — ચૂંટણી ચક્રવ્યુહ ૨૦૧૭

યશપાલસિંહ ટી.વાઘેલા

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ માં ટીકીટોની ટકટક સમાપ્ત થઈ ગઈ હવે અપક્ષો તરફ અપેક્ષા ચાલુ થઈ છે ક્યા વિસ્તારમાં કેટલા અપક્ષો રહેશે અને તેમાં જાતિવાદના વંટોળમાં કોનું કેટલું પ્રભુત્વ રહેશે ? તે બાબતનો સર્વેને યાદીનું કામ ચાલું થયું છે. રિસામણા - મનામણાંને હતાશા - ઉત્સાહની લાગણી કેટલાક હૃદયમાં આજે સળવળાટ કરી રહી છે. કાલે સવારે પક્ષ છોડીને ગયાને જાતા પહેલ જ ટીકીટની ભેટને આપણે આખું આયખું પક્ષની વફાદારી - નીષ્ઠા-નાણાં ખર્ચીને કામ કર્યું છતાં કોઈ કદર નહીં ગુજરાત ભાજપમાં ભડકો છે. પણ એકદંરે સ્થિતિ કોંગ્રેસ કરતાં ઘણી સારી બની બીજા તબક્કાની ગડમથલ પછી તેમાં જે કંઈ થયું તે ભાજપ - કોંગ્રેસના મોવડીઓને અલ્પેશ - જીગ્નેશ જ જાણે તેવું રાજકીય રસ ધરાવતા લોકો કહી રહ્યા છે આ લોકશાહી છે ?? લોકો પર બે પક્ષો ગમે તેવા ઉમેદવાર ઠોકી બેસાડે ને આપણે મતદાન કરવા જવાનું ? આવી હૈયા વરાળ કાઢતા લોકો પણ જોવા મળ્યા ત્યારે ચૂંટણી પંચ તટસ્થ - ન્યાયીક ચૂંટણી થાયને તમારા વિસ્તારના એક પણ ઉમેદવાર તમને પસંદ ન હોય તો "નારા" નો ઉપયોગ કરી તમારો આક્રોશ વ્યક્ત કરી શકો છો. ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકોની ચૂંટણી આગામી ૯મી અને ૧૪મી ડીસેમ્બર - ૨૦૧૭ ના રોજ યોજાશે પ્રથમ તબક્કા માટે મતદાન સિવાયની બધી પ્રક્રિયા પૂર્ણ થઈ છે તો બીજા તબક્કા માટે ઉમેદવારી પત્રોની ચકાસણી પરત ખેચવાની પ્રક્રિયા પૂર્ણ થતાં જ ચૂંટણી ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ જશે. ભાજપ - કોંગ્રેસ બંને પક્ષના કેટલીક બેઠકોના સિનિયર અગ્રણીઓમાં એવી આક્રોશભરી લાગણી છે કે, મારા હાળા છેતરી ગયા છેલ્લી ઘડી સુધી કીધે રાખ્યુ તમારા મત વિસ્તારમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહો. મેન્ડેડ તમને મળી જશે ને જ્યારે એ ઘડી આવી ત્યારે સુરસુરીયું થઈને ઉભું રહ્યું ક્યાંક લવીગજી તો ક્યાંક ડી.ડી. ને અચાનક લોટરી લાગી થઈ અપક્ષ ઉમેદવારી કરવી હતી પણ વિચારવાનો સમય જ ક્યાં મળ્યો છે છેલ્લી ઘડી સુધી અંધારામાં રાખ્યા હવે કરવું એ શું ?? ભાજપ કોંગ્રેસ બંનેમાં આવો ઉભરો છે આ બધા વચ્ચે વીવીપેટ ઈવીએમ અને મતદારોની ગડમથલ કેવો જાદુ બતાવે છે તેના તરફ રાજકીય વિશેષજ્ઞોની નજર છે. શરૂઆતથી બોલાતું દોઢસો પ્લસનું ચક્રવ્યૂહ આ જોતાં સફળ થાય તો નવાઈ નહી. લોકશાહી કેટી ટકશે એ તો લોકોને જ આગામી દિવસોમાં ખબર પડશે બાકી આવતીકાલે કંઈક વિશેષ.

# ધાનેરા મત વિસ્તારમાં કોંગ્રેસ ઉમેદવારનો લોકસંપર્ક



એન.કે.મોદી

તા.પ્રતિ ધાનેરા

ધાનેરા મત વિસ્તારના લોકોની લોક લાગણીને ધ્યાને લઈ આખરે કોંગ્રેસ મોવડી મંડળે છેલ્લી ઘડીએ ધુરંધર રાજકીય અને સરકારી આગેવાન નથાભાઈ પટેલ ઉપર પસંદગી ઉતારી છે. તેથી તેમના હજારો શુભેચ્છકો અને કોંગ્રેસ કાર્યકરોમાં ખુશાલી છવાઈ છે. જેમણે વિશાળ સભા સંબોધ્યા બાદ ટેકેદારો સાથે ફોર્મ ભર્યા બાદ ગઈકાલે મંગળવારથી જ વીધાનસભા મત વિસ્તારનો લોક સંપર્ક શરૂ કરી દીધો હતો. જયાં તેમનું ઠેરઠેર ઉમળકાભેર સ્વાગત કરી લોકોએ તેમને વધાવી લીધા હતા. જેથી શિયાળાની ઠંડીની સાથે સાથે મત વીસ્તારમાં કોંગ્રેસ તરફી માહોલ છવાઈ રહ્યો છે.

# ડીસા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ગોવાભાઈ દેસાઈનો ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર





ડીસા

ડીસા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ દેસાઈએ ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે. ગઈકાલે કોંગ્રેસના અગ્રણીઓ તેમજ ગોવાભાઈ દેસાઈના સમર્થકો દ્વારા ડીસા શહેર તેમજ મત વિસ્તારના ગામોમાં જઈ લોક સંપર્ક કર્યો હતો. જેમાં તેમને વ્યાપક જન સમર્થન સાંપડ્યુ હતું.

કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ દેસાઈના પ્રચારકાર્યમાં જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, ડીસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી. રાજગોર, ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, પ્રદેશ ઓ.બી.સી. ઉપપ્રમુખ જગદીશભાઈ મોદી, શહેર કોંગ્રેસ મહામંત્રી શૈલેષ વ્યાસ, તાલુકા ડેલીગેટ મુકેશભાઈ સોલંકી, પ્રભાત દેસાઈ, જયેશભાઈ દેસાઈ, બાબુભાઈ જોષી, પરાગભાઈ માજીરાણા, શૈલેષભાઈ પુરોહીત, ગુલાબભાઈ માળી, ભીખાભાઈ પરમાર, પ્રકાશ દેસાઈ, ગણેશભાઈ પ્રજાપતિ, રમેશભાઈ પ્રજાપતિ, નરેશભાઈ માળી, લેબાભાઈ દેસાઈ, કરશનભાઈ સુથાર, મનુભાઈ પટણી, ભરતભાઈ રાજપુત, જીતુભાઈ પ્રજાપતિ, પ્રદિપજી ઠાકોર સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

# દાંતા ભાજપ ઉમેદવારના ફોર્મ સામે વાંધા અરજી

દાંતા

દાંતા વિધાનસભા બેઠકમાં ભાજપે સ્થાનિક અને શિક્ષિત ઉમેદવાર માલજીભાઈ કોદરવીને ટીકીટ ફાળવી છે. જેમણે પોતાનું ઉમેદવારી ફોર્મ ભરી દીધું છે પરંતુ તેમના ફોર્મ સામે કોંગ્રેસના ઉમેદવાર કાન્તીભાઈ ખરાડીએ ચૂંટણી અધિકારી સમક્ષ વાંધા અરજી રજુ કરી જણાવ્યું છે કે ભાજપના ઉમેદવાર રાજ્ય સરકારના કર્મચારી છે. પરંતુ તેમણે ઉમેદવારી ફોર્મમાં રાજીનામાનો પત્ર કે રાજીનામું મંજુર કરતો હુકમ રજુ કરેલ નથી. વળી તેમણે ભાજપના બંધારણ મુજબ ભાજપમાં નોંધાયેલ કાયદેસરના

અનુસંધાન પાના નં.૬

# વડગામમાં ભાજપના ઉમેદવારને આવકાર



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ.. વડગામ

૧૧ - વડગામ વિધાનસભા ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીને વડગામ મતવિસ્તારમાંથી ઠેર ઠેર આવકાર સાંપડ્યો છે વડગામ ભાજપ કાર્યલય ખાતે તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ જે.રાણા (કોદરામ), વિધાન સભા ઈન્ચાર્જ કેશરભાઈ જે.વાયડા (ચાંગા), મહામંત્રી ગોવિદંભાઈ એસ.ચૌધરી (નાંદોત્રા), મહામંત્રી દશરથજી ઠાકોર (નળાસર) ના નેતૃત્વમાં ભવ્ય સ્વાગત કરાયું હતું. ઢોલનગારા, ફટાકડા ફોડી યુવા કાર્યકરોએ જયઘોષ બોલાવ્યો હતો. જિલ્લા અનુ.જાતિ મોરચા પ્રમુખ ભરતભાઈ પરમાર (ટાકરવાડા) જિલ્લા યુવા મોરચા ઉ.પ્રમુખ ડી.વી. સોલંકી તા.સરપંચ યુનિયન પ્રમુખ ભગવાનસિંહ સોલંકી, યુવા પ્રમુખ કાંમરાજભાઈ ભૂતડીયા, યુવા મહામંત્રી શ્રવણસિંહ ડાભી (ધોરી સરપંચ) યુવા ખજાનચી ધવલભાઈ બારોટ, દિગ્ધવિજયસિંહ સોલંકી, સામંતસિંહ સોલંકી, ગીતાબેન પ્રજાપતિ, શારદાબેન સેનમા સહિત ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પત્નીના હત્યારાને આજીવન કેદની સજા

તાલુકા પ્રતિનીધી દીઓદર

બ.કાં.જીલ્લાના વાવ તાલુકાના અલકાબેન હકાજી ઠાકોરનું તેના પતિ દ્વારા જ ધારીયાથી માર મારી તેની હત્યા કરાઈ હોવાની ફરિયાદના આરોપી તેના પતિ હકાજી છગનજી ઠાકોરને દીઓદરની સેસન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારેલ છે. તા.૩૧-૧૦-૨૦૧૫ના રોજ વાવ પોલીસ સ્ટેશનમાં ગુના રજી.નં. ૫૧/૨૦૧૫થી રમેશભાઈ તલાજી ઠાકોરે ફરિયાદ નોંધાવેલ કે તેની બહેન અલકાબેન (રહે. જાનાવાડા,તા.વાવ)ને તેના પતી હકાજી છગનજી ઠાકોરે ધારીયાથી માર મારેલ છે અને તેણીનું મરણ થયેલ છે.અને તેઓએ ઈ.પી.કો. કલમ ૩૦૨થી ગુન્હો નોંધાયેલ. આ બાબતે બનાસકાંઠા જીલ્લાના ચોથા એડી.સેસન્સ જજ શ્રી પી.ટી. પટેલ સાહેબની કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી વકીલ શ્રી આર.ડી.જોષીની

અનુસંધાન પાના નં.૬

# થરાદ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ડી.ડી.રાજપુતનો જનસંપર્ક



ડીસા

થરાદ વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસ તરફથી ઉમેદવારી નોંધાવનાર ડી.ડી.રાજપુતએ તેમના સમર્થકો અને કોંગ્રેસ અગ્રણીઓ સાથે મળી થરાદ મત વિસ્તારના ગામોમાં જનસંપર્ક શરૂ કરી દીધો છે. જયાં ગામે ગામ તેમને આવકાર મળી રહ્યો છે.

થરાદ કોંગ્રેસ પીઢ અગ્રણી અને લોક સેવક તરીકે નામના મેળવનાર ડી.ડી.રાજપુતને આ વખતે કોંગ્રેસે ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. જેને લઈ તેમના સમર્થકો સહિત શુભેચ્છકોમાં આનંદની લાગણી છવાઈ છે. તેઓએ થરાદ શહેર સહિત મત વિસ્તારના ગામે ગામ જઈ લોકો સાથે સીધો સંવાદ કરી પ્રચાર કાર્ય કરી રહ્યા છે. ઠેરઠેર તેમને સમર્થન સાંપડી રહ્યું છે.

# ડીસા બેઠકના ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈ પંડ્યાને ઉમળકાભેર આવકાર



ડીસા

ડીસા વિધાનસભા બેઠક ઉપર ભાજપ તરફે ચૂંટણી લડી રહેલા શશીકાંતભાઈ પંડ્યાને સમગ્ર મત વિસ્તારમાંથી ઉમળકાભર આવકાર સાંપડી રહ્યો છે.

ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈ પંડ્યા તેમના સમર્થકો સાથે ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. તેઓ દિવસ દરમિયાન ડીસા મત વિસ્તારના ગામે ગામ જઈ જન સંપર્ક કરી રહ્યા છે. જ્યાં તેમને વ્યાપક સમર્થન સાંપડી રહ્યું છે. અને રાત્રેના સમયે ડીસા શહેરી વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે. શશીકાંતભાઈ પંડ્યાની લોકપ્રિયતા લઈ ડીસા શહેરીજનો દ્વારા તેમને વ્યાપક આવકાર મળી રહ્યો છે.

# કાંકરેજના રતનગઢ ગામના ગ્રામજનોએ મામલતદારને આવેદનપત્ર આપ્યું

**પૂર હોનારતમાં જમીન ધોવાણનું વળતરનું ન ચુકવાતા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી**



વિજય સિલ્વા

પ્રતિનીધી શિહોરી

કાંકરેજ તાલુકાના રતનગઢના ગ્રામજનોએ મામલતદાર કચેરીએ જમીન ધોવાણનું વળતર ન ચુકવવામાં આવતા ત્રીજી વાર આવેદનપત્ર પાઠવ્યું હતું અને વળતર નહિ ચુકવવામાં આવે તો મતદાન કરવાનો બહિષ્કાર કરશે. તેવું સ્પષ્ટ જણાવ્યું હતું. કાંકરેજ તાલુકાની વિધાનસભાની ચૂંટણી ટાંણે વિવાદ સર્જાયો છે. જો કે મામલતદાર કાંકરેજ એસ.એ. ચૌહાણે આવેદનપત્ર સ્વીકારી રતનગઢ ગ્રામજનોને તેમની રજુઆત કલેક્ટર સુધી પહોંચાડી યોગ્ય કાર્યવાહી કરાશે તેવી ખાત્રી આપી હતી. કાંકરેજના રતનગઢના ડેપ્યુટી સરપંચ સહિતના

અનુસંધાન પાના નં.૬

## બેસણું



સ્વ.ધરમાજી હાજાજી ઠાકોર
સ્વ.તા.૨૭-૧૧-૨૦૧૭

અમારા પુજ્ય પિતાશ્રી ધરમાજી હાજાજી ઠાકોર નું દુ:ખદ અવસાન તા.૨૭-૧૧-૨૦૧૭ ને સોમવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ, સદ્ગતનું બેસણું તા.૨૯-૧૧-૨૦૧૭ ને બુધવારના રોજ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લિ.

સ્વ.વિહાજી હાજાજી ઠાકોર (ભાઇ)
સ્વ.ચેહરાજી હાજાજી ઠાકોર (ભાઇ)
સ્વ.મોહનજી હાજાજી ઠાકોર (ભાઇ)
દશાજી હાજાજી ઠાકોર (ભાઇ)
સદાજી હાજાજી ઠાકોર (ભાઇ)
શાંતિજી ધરમાજી ઠાકોર (પુત્ર) સરપંચ (મડાલ)
મુ.મડાલ, તા.લાખણી, જિ.બ.કાં.

## બેસણું



**સ્વ.કાંન્તીલાલ મણીલાલ ભરતીયા**
**સ્વ.તા.૨૮-૧૧-૨૦૧૭, મંગળવાર**

અમારા પુજ્ય પિતાશ્રી કાંન્તીલાલ મણીલાલ ભરતીયા તા.૨૮-૧૧-૨૦૧૭ ના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું તા.૨૯-૧૧-૨૦૧૭ ને બુધવારના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : લાયન્સ હોલ, જુના પશુબજાર સામે, ડીસા. મો.૯૮૨૫૦૫૧૨૪૭

લિ.

દિનેશચંદ્ર કે. ભરતીયા (પૂર્વ સેક્રેટરી, APMC, ડીસા)
મેહુલ (રાજુ) ડી. ભરતીયા (પૌત્ર)
અભિષેક ડી. ભરતીયા (પૌત્ર)
પાર્થ મેહુલ ભરતીયા (પ્રપૌત્ર) ના જય શ્રી કૃષ્ણ

